Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૫૧ · તા. ૧૩ થી ૧૯ ડિસેમ્બર ૧૪ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## શ્રી વીરજી લધાભાઇ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ-ઘાટકોપર
## સિહફાળારૂપી યોગદાનના દાતાશ્રીની ભૂરીભૂરી અનુમોદના



સંસ્થાના મે.ટ્રસ્ટીશ્રી શીવજી કુંવરજી વિકમશીને સંસ્થાના અન્ય ટ્રસ્ટી શ્રી હેમાંગ રાયચંદ ઘરમશીની હાજરીમાં રૂ. ૧,૧૧,૧૧,૧૧૧/- ચેક અર્પણ કરતા દાતાશ્રી હીરેનભાઇ મણીલાલભાઇ દંડ- વડાલા-બાયઠ, મુંબઇ.

જ્ઞાતિની સદી જુની સંસ્થા શ્રી વીરજી લધાભાઇ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહના મકાનના નવનિર્માણનું કામ પૂરજોશમાં ચાલુ છે. જ્ઞાતિના શિક્ષણપ્રેમીઓ તરફથી તન, મન, ધનથી સહકાર મળી રહ્યો છે અને તેનું જવલંત ઉદારણ ઉપરના ફોટોમાં જોવા મળી રહ્યું છે. સંસ્થાના ટ્રસ્ટી શ્રી હેમાંગ રાયચંદ ઘરમશીની પ્રેરણાથી તેમજ સંસ્થાની પ્રવૃત્તિઓથી પ્રેરિત થઇ જ્ઞાતિના કર્ણરૂપી દાનવીર શ્રી હીરેનભાઇ મણીલાલભાઇ દંડેઃ સંસ્થાના મે. ટ્રસ્ટીશ્રી શીવજીભાઇ કુંવરજી વીકમશીની ઑફિસમાં સ્વયમ્ જઇને સિંહફાળા રૂપી રૂ.૧,૧૧,૧૧,૧૧૧/- (રૂ. એક કરોડ અગ્યાર લાખ, અગ્યાર હજાર, એક સો, અગ્યાર પૂરા)નો ચેક સુપ્રત કર્યો. સમાજના શિક્ષણપ્રેમી વિરલાને/દાતાશ્રીઓને પ્રેરણા આપતા શ્રી હિરેનભાઇના આ ડોનેશનની અત્રે સંસ્થાના ટ્રસ્ટીઓ તથા અધિકારીઓ ભૂરી ભૂરી અનુમોદના કરે છે. જ્ઞાતિના આવા વિરલાઓ થકી સંસ્થાની પ્રવૃત્તિઓ આવતી અનેક સદીઓ સુધી અવિરત ચાલુ રહેશે તે નિસંદેહ છે.

**સંસ્થાના ટ્રસ્ટીઓ અને અધિકારીઓના આભાર-અભિનંદનસહ જયજિનેન્દ્ર**

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થીસંઘ-મુંબઇ

K.D.O. Students Association Estd. 1954

61 Shree KDO Students Association

## દ્વારા આયોજિત વાર્ષિક ઉત્સવ

**on Sunday, 18th January 2015**
**from 4.45 pm onwards**

સ્થળ :
શ્રી અનંતનાથજી કોમ્પ્લેક્સ ગ્રાઉન્ડ,
ડબ્બા કંપનીની બાજુમાં,
નેહરૂ રોડ, કાંજુરમાર્ગ (પૂર્વ).

Drama
Dance Competition
Instrumental Playing
Navrangi War

*Happy New Year* 2015

WhatsApp WAR



જલસા 2 *The Magic of* **KDO** *Talents*

**પ્રવેશ**
માત્ર પાસ દ્વારા

**JALSA 2** includes...

**Dance Competition(Solo, Duet, Group...) | Fashion Show | Instrumental Playing | Drama**
Audition on 04.01.2015, Registration last date 25.12.2014.

**Academic Prize Distribution...**
Submit your last year result S.S.C. | H.S.C. | Graduate | Post Graduate till 01.01.2015.
Special Achievement


**નવરંગી War** (For female : Assure gift for all) Registration last date 01.01.2015

**Fancy Dress Ramp Walk** for Children upto 7 Years. First 108 Participant assured gift.

The participant group should be **come in 9 No. of female with different colour of saree** in the event

Special attraction "COMEDY by **RASIK MAHARAJ** (Kutch)"

To show family unity infront of Gyati... **family DJ for all KDO's**



**Registration & Passes Contact :**

| | | | | |
|---|---|---|---|---|
| **Urmin Jayesh Lodaya**<br>**Secretary**<br>(Suthari-Ghatkopar)<br>9167060043 | **Hemil Jayesh Dand**<br>**Treasurer**<br>(Varadia-Ghatkopar)<br>9819985339 | **Anuj Girish Lodaya**<br>**President**<br>(Rava-Dombivli)<br>9579787800 | **Hiten (Rajan) B. Lodaya**<br>**Convinier**<br>(Rava-Kanjurmarg)<br>9867255345 | **Tejas Mahendra Khona**<br>**Co-Convinier**<br>(Jakhau-Bhandup)<br>8097466424 |
| **Ekta Udayan Lodaya**<br>(Moti Sindhodi-Mulund)<br>97699502277 | **Rakesh Abhay Meisheri**<br>(Moti Sindhodi-Dombivli(W)<br>7208000294 | **Mittal Ratilal Nagda**<br>(Kothara-Dombivli (E)<br>9619693691 | **Nikita Naresh Meisheri**<br>(Moti Sindhodi-Thane)<br>9930909383 | **Mittal Tilesh Dharamshi**<br>Co-Convinier<br>(Suthari-Masjid)<br>9773008712 |

**Labdhi - Urvi Niren Lodaya** (Naliya-Thane) 9757296740 **Mayank J. Momaya** (Sayera-Rest Mumbai) 9022295750

આદ્યતંત્રીઓ
''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

: તંત્રી :
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

સમિતિ સભ્યો
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

અંક નં. 51/2014

: કાર્યાલય :
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
C/o. Shri. R. R. Nagda,
Advocate High Court
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

*તંત્રી સમીપે*

# મુંબઈ મહાજનશ્રી અને અનંતનાથજી ટ્રસ્ટની ચૂંટણીઓ બીનહરીફ થઈ તેના સૂચિતાર્થો

વિધિની વક્રતા કહીએ કે જ્ઞાતિના રાજકારણની બલિહારી કહીએ, છેવટે સમસ્ત મહાજને દોઢેક વર્ષ અગાઉ જ્ઞાતિ સંમેલન બોલાવવા આ વર્ષના૨૬,૨૭ અને ૨૮ ડિસેમ્બરના દિવસો મુકરર કરેલા તે સંમેલન જે કારણસર મુલતવી રહ્યું તે આ ૨૮ ડિસેમ્બરના યોજેલ મુંબઈ મહાજનશ્રીની વ્યવસ્થાપક સમિતિ અને અનંતનાથજી ટ્રસ્ટની ચૂંટણીઓ યોજવાની એટલે કે મતદાન કરવાની હવે જરૂર પડશે નહીં તેવા સંયોગો સર્જાયા છે. અને અનંતનાથજી ટ્રસ્ટમાં નવ ટ્રસ્ટીઓ અને મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિમાં ઓગણચાલીસ સભ્યો બીનહરીફ ચૂંટાયા છે. તે પરિસ્થિતિ પરથી વળતી નજર માંડીએ ત્યારે આ સંમેલન નાહક મોકુફ રખાયું અને મુંબઈ મહાજનના અધિકારીઓએ ચૂંટણીની તારીખ ૨૮ ડિસેમ્બર રાખીને જ્ઞાતિમાં નાહક ઊહાપોહ સર્જ્યો એવી દબાયેલી ઈચ્છાને ઉપર લાવતા અને બળાપા ને હતાશાના ઉભરા ઠાલવતા વિચારો અને ઉદ્‌ગારો જ્ઞાતિજનો, સમસ્ત મહાજનના સંચાલકો અને તેમાંયે ખાસ કરીને રાયપુર મહાજનના જ્ઞાતિજનો વ્યક્ત કરતા થયા છે, જે સ્વાભાવિક છે.

અલબત્ત, ચૂંટણીઓને કારણે અસ્તિત્વમાં આવતી એક યા બીજી પેનલો, તેમના સુચિત કાર્યક્રમોની એટલે કે આકાશમાંથી તારા તોડી ધરતી પર લાવી મૂકવાની વચન યાદીઓ, સામેના ઊમેદવારો અને પેનલો વિરૂદ્ધ આક્ષેપો ને પ્રતિ આક્ષેપો, મતદારોને રીઝવવા માટે દરરોજ ખેલાતા દાવપેચો ને રણનીતિઓ, ચૂંટણીના દિવસે મતદાન કેન્દ્રો પર મતદારોના હાથમાં પકડાવી દેવાતી ચિઠ્ઠીઓ અને ફરફરિયા પાછા રસ્તા પર ફેંકાઈ જવાતા હોય તે દૃશ્યો, મતદારોનો મતદાન કેન્દ્રના રસ્તે છેવટ સુધી પીછો, આવા બધા શોરબકોર અને પેનલો અને ઉમેદવારો વચ્ચે સર્જાતી એકબીજા સામેની આક્રોશમય કટુતામાંથી મુંબઈના જ્ઞાતિજનોએ છુટકારો ને હાશકારો મેળવ્યો છે તે ભલે આ બીનહરીફ થયેલી ચૂંટણીઓનું હકારાત્મક પાસું છે પરંતુ તેની સાથે આવી પરિસ્થિતિ નિર્માણ થવામાં જે પરિબળો નિમિત બન્યા છે તે પર પણ વિચારણા થવી જરૂરી છે.

આ સામેના પાસામાં સૌ પ્રથમ જે હકીકતની નોંધ લેવાવી જોઈએ તે એ છે કે પાંચ વર્ષ પહેલાં થયેલી છેલ્લી ચૂંટણીઓ વખતે અને તે પછીના સાડા ચાર વર્ષ લગી જ્ઞાતિમાં છવાઈ ગયેલી યુવાશક્તિની લહેરખીઓના સર્જક અને તેને સંવર્ધન કરનાર અનંતનાથજી ટ્રસ્ટના યુવા ટ્રસ્ટીઓ, વ્યવસ્થાપક સમિતિના પણ યુવા સભ્યો તેમજ તેમને સતત પીઠબળ અને સહકાર્ય આપતા રહેલા અનેક જ્ઞાતિ યુવાઓએ આ ચૂંટણીઓમાં ભાગ ન લીધો. આ હકીકત જેટલી આશ્ચર્યજનક છે તેટલી જ ગંભીર વિચારણા માગતી બાબત છે અને તેને નજરઅંદાજ કરી શકાય તેમ નથી.

આ યુવા ટ્રસ્ટીઓ અને 'અનંત યુવા શક્તિ' પેનલના પાંચ વર્ષ પહેલાં ચૂંટાયેલા અન્ય ઉમેદવારો અને છેલ્લા પાંચેક વર્ષ સુધી તેમની

સાથે સતત જોડાયેલા રહેલા યુવા કાર્યકરોએ એપ્રિલ ૨૦૧૦માં જ્ઞાતિ સમક્ષ કરેલ સોગંદવિધિમાં ‘દશાઓની નવી દિશા’ કંડારવાના હેતુસર જ્ઞાતિને જે વચન અને કોલ આપેલ તેને કારણે જ્ઞાતિજનોમાં અનેરી આશા-આકાંક્ષાઓનો સંચાર થયો પણ આ કોલના વચનોને વિસારે પાડીને પણ છેલ્લા સાડા ચાર વર્ષ સુધી સતત કાર્યરત રહેલા આ યુવા ટ્રસ્ટીઓ અને મુંબઈ મહાજનના અધિકારીઓ તેમજ મહાજનની વિવિધ પ્રવૃત્તિઓમાં તેમના નેતૃત્વ હેઠળ ઉલટભેર ભાગ લઈ રહેલા મહિલાઓ સહિત સેંકડો યુવા કાર્યકરોએ આમ અચાનક અનંતનાથજી ટ્રસ્ટ અને મહાજનનો તખ્તો છોડી દેવાનો નિર્ણય લીધો છે તે મુદ્દો વિચારણીય બન્યો છે.

એટલે જ લગભગ એકાદ મહિના પહેલાં આ યુવા ટીમે અને તેમના શેષ રહેલા સમર્થકોએ આ ચૂંટણીઓમાં ફરીથી ભાગ લેવાનો નિર્ણય લીધો હતો. તે પછી રાયપુરમાં નિર્ધારિત જ્ઞાતિ સંમેલનની તારીખો સાથે ટકરાતી ૨૮ ડિસેમ્બરના દિવસે ચૂંટણીઓ યોજવાની જાહેરાત આ યુવા ટીમના નેતૃત્વે કરી તેને કારણે જ્ઞાતિએ આપેલ પ્રતિક્રિયા સંદર્ભે આ ચૂંટણીઓમાં ભાગ લેવો કે નહીં તે માટે નિર્ણય લેવા અંગે ઉક્ત ચૂંટણીઓમાં ઉમેદવારી પત્રક ભરવાના છેલ્લા દિવસ અગાઉની રાત્રે આ યુવા શક્તિના સુત્રધારો અને કાર્યકરોની ત્રણ-ચાર કલાક ચાલેલ બેઠકમાં છેવટે આ યુવાઓએ આ ચૂંટણીઓથી દૂર રહેવાનો નિર્ણય લીધો તે ઘટનાક્રમ પાછળની ગતિવિધિઓ તપાસવી જરૂરી બની છે.

ડિસેમ્બર ૨૦૦૯માં યોજાયેલ આવી જ ચૂંટણીઓમાં આ યુવાશક્તિની પેનલે ઝંઝાવાતી વિજય મેળવીને અનંતનાથજી ટ્રસ્ટ અને મુંબઈ મહાજન પર સત્તા અને સુત્રસંચાલન મેળવ્યાં અને તમામ આડખીલીઓ, વિક્ષેપો અને વિરોધના સામા પુરનો, તેમણે પોતાની આગવી કાર્ય પધ્ધતિ અપનાવીને મક્કમતાથી સામનો કર્યો અને સતત પાંચ વર્ષથી તેમણે સમગ્ર જ્ઞાતિમાં, દેશ-દેશાવરમાં, વસતી પત્રક સમિતિમાં, સમસ્ત મહાજન સુધ્ધાંમાં પ્રભાવી વર્ચસ્વ જાળવી રાખ્યું તેમજ બંધારણ કે જ્ઞાતિજનો અને વડિલો પરત્વે વધુ પડતો આદરાત્મક અભિગમ રાખવાનો બહુ વિવેક રાખવાથી સંસ્થા અને તેના પરિણામે જ્ઞાતિની પ્રગતિમાં અવરોધ કે બંધિયારપણું આવી જાય છે તેથી તેવી બધી સૌજન્યતા અને સૌમ્યતાનો બહુ છોછ ન રાખીને પોતાને યોગ્ય લાગે તેવી પ્રવૃત્તિઓ અને નિર્ણયોનો સપાટો બોલાવી દઈને આ યુવા અગ્રણીઓએ તેમની દ્રઢ પ્રતિમા ઊભારી રાખી છે.

પરંતુ તેમની દ્રષ્ટિએ હજી પણ અધુરા રહેલાં કાર્યો પૂરા કરવા માટે અનંતનાથજી ટ્રસ્ટ અને મુંબઈ મહાજનના સત્તાસુત્રો તેમણે હજી બીજા પાંચ વર્ષ સંભાળી રાખવા જોઈએ એ પ્રકારની પોતાની માન્યતાનો સ્પષ્ટ સંદેશ જ્ઞાતિજનોને આ યુવા ટ્રસ્ટીઓ અને સંચાલકોના મુખ્ય સુત્રધારોની નિશ્ચયાત્મક ભાવના, ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવાની આખરની તારીખના આગલા દિવસની ઉક્ત બેઠકમાં છેવટે સંકોરાઈ ગઈ. આમ આ યુવા ટીમે આ ચૂંટણીમાં ભાગ ન લેવાનો નિર્ણય લીધો કે લેવો પડયો તે પાછળ મુખ્યતઃ જે પરિબળો કારણરૂપ બન્યા તેની વિચારણા હવે પ્રસ્તુત બની છે.

છેલ્લા પાંચ વર્ષથી આ યુવા ટીમમાં અગ્રક્રમે પ્રવૃત્ત રહેનાર અને અનંતનાથજી ટ્રસ્ટમાં વર્તમાન કાર્યરત નવ ટ્રસ્ટીઓ અને મુંબઈ મહાજનના પદાધિકારીઓમાંથી ઓછામાં ઓછા ત્રણ ટ્રસ્ટીઓ અને અધિકારીઓ પોતે આ આગામી ચૂંટણીમાં ભાગ લેવા બિલકુલ ઈચ્છા ધરાવતા નથી તે તેમણે વ્યક્ત કરેલ મક્કમ વલણ અને તે પછી તેમને સમજાવવા યુવા ટીમના બાકીના સંચાલકોના પ્રયત્નો કારગત ન નીવડયા ત્યારે છેવટે જે અનંતશક્તિ પેનલે એકજુટ રહીને સમગ્ર જ્ઞાતિના કેન્દ્રીય મંચ પર પાંચ-પાંચ વર્ષ સુધી દબદબો જાળવી રાખ્યો હોય તેમાંના પચાસ ટકા જેટલા સુત્રધારો જો આવતા પાંચ વર્ષ માટે ટ્રસ્ટ અને મહાજનનું સંચાલન કરવા ઉત્સુક ન રહ્યા હોય તો બાકીના સુત્રસંચાલકોના સથવારે આ પેનલ ચૂંટણીમાં ઝંપલાવે તો આ પેનલમાં હવે વાદવિવાદ સપાટી પર આવી ગયો છે તે પ્રકારની જ્ઞાતિમાં નકારાત્મક અસર ઉદભવશે એ વિચારધારાએ

*યુવા ટીમના ઉક્ત નિર્ણયમાં મુખ્ય ચાવીરૂપ ભૂમિકા ભજવી એવા મળી રહેલા નિર્દેશોમાં સત્યાંશ હોવાની વધુ શકયતા છે.*

આમ આ યુવા પેનલના અગ્રેસરોનું સ્પષ્ટપણે એમ માનવું દેખાઈ આવ્યું છે કે પેનલના સભ્યોની પેનલ પરત્વે પ્રતિબધ્ધતા જડબેસબાક હોવી જોઈએ અને પેનલનું મજબુત ઐક્ય હરહંમેશ જળવાઈ રહેવું જોઈએ અને જો એમ ન થતું હોય તો બહેતર છે કે ચૂંટણીથી સમૂળગા દૂર જ રહેવું.

તેથી જ રીતે, આ ચૂંટણીમાં ભાગ ન લેવાના નિર્ણયમાં જે અન્ય પરિબળ કારણરૂપ બન્યું હોય તે એ છે આ યુવા ટીમના અનેક સભ્યોને મોડે મોડે સમજાયું કે આ પેનલ જ્ઞાતિજનોમાં અળખામણી બની ગઈ છે. છેલ્લા ચાર વર્ષથી પેનલના મુખ્ય સુત્રધારો બાકીના સભ્યો કે ટ્રસ્ટીઓ પર પોતે બંધ બારણે લીધેલા નિર્ણયોને અન્ય સાથી ટ્રસ્ટીઓ, અધિકારીઓ અને સભ્યો પર થોપી દેતા આવ્યા છે તેમજ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોમાં જ્ઞાતિજનો સમક્ષ પોતે જે જે નિર્ણયો લઈ રહ્યા છે તે સંપૂર્ણતઃ યોગ્ય છે અને તેમાં કોઈએ પ્રશ્ન કરવા નહીં તે પ્રકારના એલાન કરી રહ્યા હતા. આવા અભિગમને લીધે આ પેનલના કાર્યકરો પણ જ્ઞાતિમાં અળખામણા બન્યાં.

આ ઉપરાંત, અનંતનાથજી ટ્રસ્ટ અને મુંબઈ મહાજનના છેલ્લા ચારેક વર્ષના વહીવટ સંચાલન દરમ્યાન જ્ઞાતિજનોથી એ અછતું ન રહ્યું કે ટ્રસ્ટ અને મહાજનના પાંચેક અધિકારીઓને જ ટ્રસ્ટ અને મહાજનના વહીવટનો ભાર સંભાળવો પડયો. તેને લીધે આવો બોજો સંભાળનાર ટ્રસ્ટીઓ અને અધિકારીઓ ઉપરાંત તેમના કુટુંબીજનો અને સાથીદારોમાં પણ એવી દેખીતી નારાજગી રહી કે આ રીતે સમસ્ત ટ્રસ્ટબોર્ડ અને મહાજનના વહીવટની રાત દિવસ સતત મહેનત અને સમય માગી લેતી જવાબદારીનું વહન માત્ર તેમણે જ કરવું પડે છે અને અન્ય ટ્રસ્ટીઓ અને વ્યવસ્થાપક સમિતિના સભ્યોએ આ માટે જરા પણ જવાબદારી લેતા નથી આને લીધે ઉક્ત સવિશેષ પ્રવૃત્ત ટ્રસ્ટીઓ અને અધિકારીઓએ સ્વભાવિકતાને તણાવ અને હતાશા અનુભવી તેને પરિણામે, તેઓ ફરી વાર આ ચૂંટણીમાં ભાગ ન લેવાના નિષ્કર્ષ પર આવ્યા અને ઉક્ત છેલ્લી બેઠકમાં મક્કમ રહ્યા. તેથી છેવટે આ પેનલ આ ચૂંટણીમાં આગળ ન આવી તે હકીકત પણ જ્ઞાતિજનોની જાણ બહાર રહી નથી. અલબત્ત બીજા કેટલાક પ્રશ્નો કે સમસ્યાઓ પણ આ નિર્ણય લેવા માટે કારણભૂત રહ્યા હશે. પરંતુ તેનો પ્રભાવ ગૌણ હશે તે ચોક્કસ છે.

આમ આ પેનલ કેન્દ્રી ચૂંટણીઓ અને પરિણામો પછી પેનલ આધારિત ટ્રસ્ટ અને મહાજનની વહીવટ ધુરા સંભાળવાની જવાબદારીને લીધે સર્જાતું સત્તાનું કેન્દ્રીયકરણ પેનલના બે-ચાર સભ્યો પર જ આવી પડતો સંચાલનનો સઘળો બોજો અને પેનલ પ્રત્યેની પ્રતિષ્ઠાનો મુદ્દા બનાવતી માનસિકતા અને પેનલની અંકબંધતા જાળવી રાખવાની ઘેલછા આ પ્રકારના મુખ્ય પરિબળોને કારણે એક આશાસ્પદ યુવા ટીમે અત્યારની પરિસ્થિતિમાં જ્ઞાતિ મંચથી અલગ રહેવાનું રહેવાનું પસંદ કર્યુ છે. તે સંભાવના સત્ય હકીકતથી બહુ દૂર નહીં હોય તેમ લાગે છે.

અનંત યુવાશક્તિ માટે આ તબક્કો ટૂંક સમયનો છે કે તેનો ઉક્ત નિર્ણય હવે પછીની જ્ઞાતિની સામાજિક પ્રવૃત્તિઓમાંથી કાયમી રીતે નિવૃત્તિ લેવાનો છે તેવા બધા પ્રશ્નોના ઉત્તરો આવનાર દિવસો કે મહીનાઓમાં જ્ઞાતિને મળશે કે કેમ તે પણ એક પ્રશ્ન છે.

અત્યારે તો બીનહરીફ ચૂંટાયેલા નવનિર્વાચિત ટ્રસ્ટીઓ અને વ્યવસ્થાપક સમિતિના સભ્યો ટ્રસ્ટબોર્ડમાં શેષ બે બેઠકો અને વ્યવસ્થાપક સમિતિમાં શેષ પાંચ બેઠક તથા ઓ.કોપ્ટ સાત બેઠક પૂરવા કઈ રીતે કાર્યવાહી કરશે એટલે કે કર્યા જ્ઞાતિ કર્મીઓની આ જગ્યાઓમાં નિમણુંક કરશે તે મુદ્દે જ્ઞાતિજનોની મીટ મંડાયેલી છે.

અલબત્ત, ટ્રસ્ટબોર્ડ અને વ્યવસ્થાપક સમિતિના આ નવનિર્વાચિત ગઠનમાં પણ પેનલમંડિત રાજકારણે ભાગ ભજવ્યો છે તેથી આ રીતે આગલી પેનલના ઉક્ત અનુભવમાંથી આ પેનલના સુત્રધારો પણ ઉપયુક્ત બોધ લે તે ઈચ્છનીય છે.

એટલે ૧લી એપ્રિલ ૨૦૧૫ પછી અનંતનાથજી ટ્રસ્ટબોર્ડના ટ્રસ્ટીઓ અને મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિના સભ્યો વિશાળ જ્ઞાતિહિતમાં પેનલલક્ષી કાર્યપધ્ધતિને સંપૂર્ણતઃ તિલાંજલિ આપશે અને એક નવી જ પ્રણાલિકા અપનાવશે તેમજ અન્યોન્યને સમક્ષ ગણીને કોઈ પણ પૂર્વગ્રહ, ગ્રંથિ કે કંઠી બાંધ્યા વિના મુક્ત ચર્ચા વિચારણા કરી કાર્યબોજની સમુચિત વહેંચણી કરીને જ્ઞાતિજનોના સર્વસામાન્ય હિતોને પોષતી એક આગવા પ્રકારની પારદર્શી કાર્યશૈલીને આકાર આપશે તેવી આશા અને શ્રધ્ધા રાખીએ.

– ૨૮

## My last research : Who am I? મારું છેલ્લું સંશોધન હું કોણ છું?

મકાન તત્વચિંતક ઈમેન્યુઅલ કાન્ટ સવારે ફરવા નીકળ્યા. રસ્તામાં કોઈને અથડાયા. અથડાયેલી વ્યક્તિએ ગુસ્સામાં પૂછ્યું "Who are you?" (તમે કોણ છો?)

કાન્ટે કહ્યું If you could answer the same question to me, i would give you my half kingdoom. (જો તમે તે જ સવાલનો જવાબ મને આપશો તો હું તમને મારી અડધી મિલકત ભેટ આપું) આ સાંભળીને પેલાનો ગુસ્સો ઓગળી ગયો. તેણે કહ્યું ''તમે તો મહાન તત્વચિંતક લાગો છે. ફરતા ફરતા ય કેવી તત્વની વિચારણા અને વાત કરો છો?''

અડધી મિલકત આપવાની તૈયારી છતાં હું કોણ છું? નો જવાબ કાન્ટ મેળવી ન શકયો. આપણે કેટલા બધા પૂણ્યશાળી છીએ કે ગળથુંથીથી જૈન શાસન મળવાથી આપણે જાણીએ છીએ કે હું એટલે આત્મા.

વિદ્યાર્થીઓએ વૈજ્ઞાનિકને પુછયું "Which will be our further research now? વૈજ્ઞાનિકઃ TO know my self is our last and further research. To know my self means who am I? (આપણી હવે પછીની શોધ શી? પોતાની જાતને ઓળખવી તે આપણી હવે પછીની છેલ્લી શોધ હશે. પોતાની જાતને ઓળખવી એટલે હું કોણ છું? તે જાણવું)

પોતાની જાતને ઓળખવી, પોતાની જાતને જાણવી તેજ સૌથી મહત્વનું રીસર્ચ છે. જેણે પોતાની જાતને ઓળખી 'તેનો મોક્ષ નિશ્ચિત' જેણે પોતાની જાતને નથી ઓળખી, તેણે જગતના પદાર્થોને જાણ્યા તોય શું અને ન જાણ્યા તો ય શું?

જાતને પૂછીએ કે હું એટલે કોણ ? હું એટલે માણસ? હું એટલે વિજયભાઈ? હું એટલે પુરૂષ ? હું એટલે ડોક્ટર ? હું એટલે જાડો? હું એટલે ઉંચો? હું એટલે ગોરો? હું એટલે સાધુ ? હું એટલે શ્રીમંત ? બોલો તો ખરા... .હું એટલે કોણ?

શબ્દોથી જબાબ આપીએ કે ''હું એટલે આત્મા,'' તે ન ચાલે. આપણે આપણને આત્મા તરીકે જાણી લઈએ, ઓળખી લઈએ તો પછી કાંઈ કહેવાની જરૂર નહી રહે અને જો આપણી જાતને જાણ્યા વિના ગમે તેટલું કરીએ તો તેનાથી અંદરનું પરિવર્તન કદાચ ન પણ આવે.

જાતને પૂછીએ કે સામાયિક ઘણા કર્યા, સરળતા કેટલી આવી.? પુજા ઘણી કરી પણ પ્રસન્નત્તા કેટલી પેદા થઈ? આયંબિલ ઘણાકર્યા, ખાવાની આસક્તિ કેટલી તુટી ? પ્રતિક્રમણ ઘણા કર્યા, પાપનો ભય કેટલો પેદા થયો? જીવનના વર્તન વ્યવહાર, બોલી - ચાલી, વિચારધારામાં કોઈ ફરક પડયો? કે ધર્મસ્થાનોમાં ધર્મી અને સંસારમાં પાકા સંસારી બનીને રહ્યા? વ્યવહાર ધર્મો બધા સેવવાના છે, તે કેય છોડવાના નથી પણ સાથે સાથે નિશ્ચયને પણ વિચારવાનો તો ખરો.

યાદ રહે કે જમવાનું ભલે રસાડામાં હોય, પણ પચાવવાનું તો ચોવીસેય કલાક, જ્યાં જાઓ ત્યાં - ચાલુ હોય. તેમ ધર્મ ક્રિયાઓ ભલે દેરાસર કે ઉપાશ્રયમાં કરવાની હોય પણ તે ધર્મને પચાવવાનું તો બધે ચાલુ જોઈએ. સાચી ધર્મ ક્રિયા કરનારા વિચારો, વાર્તાલાપ અને વર્તનમાં પોઝીટીવલી ફરક પડયા વિના ન રહેવા જોઈએ. પણ તે તો ત્યારે જ શક્ય બને કે જ્યારે જાતને ઓળખીએ.

દેરાસરમાં ચૈત્યવંદનમાં 'આજ મારા પ્રભુજી સામું જુઓ ને સેવક કહીને બોલાવો રે' બોલીએ ત્યારે કદાચ ભગવાન કહે કે 'મારે ય તને સેવક કહીને બોલાવવો તો છે, પણ શી રીતે બોલવું? તું તો દેરાસરમાં પણ સેવક તરીકે ક્યાં વર્તે છે? અહીં પણ શ્રીમંત, ટ્રસ્ટી, પિતા, પતિ કે સાસુ તરીકે વર્તે છે. શી રીતે તને સેવક કહું?'

સાચું બોલો શરીરના સબંધો મુખ્ય કરીને દેરાસરમાં જઈએ છીએ કે આત્માને મુખ્ય બનાવીને?

આત્મા શબ્દ બોલવામાં તો છે. પણ જીવનના સ્તરમાં છે કે નહિ? બધી સગવડો જોઈએ શરીર માટે શરીર ન હોય તો પંખો ટી.વી., ફ્રીઝ, ગાડી, સ્ત્રી, મકાન વગેરે કોઈની જરૂર નથી. શરીરને મુખ્ય કર્યું, માટે આ બધાની જરૂર પડી. તે માટે પૈસા જરૂરી બન્યા. તેની પાછળ પાગલ થતાં આત્મા ભૂલાયો. હવે તે ભૂલ સુધારીએ. શરીરને ગૌણ કરી, આત્માને મુખ્ય બનાવીએ. આજ સુધી શરીરને કેન્દ્રમાં રાખીને જીવનપદ્ધતિ ગોઠવી, હવે કેન્દ્રમાં આત્માને રાખીને જીવીએ.

***- સંકલન : લક્ષ્મીચંદ ચાંપશી દંડ, (જિનાજ્ઞા) - 9374881300)***

॥નમો નમઃ શ્રી મુનિસુવ્રત સ્વામીને નમઃ॥

જય શ્રી મહાકાલી માતા જય શ્રી પદ્માવતી માતા

**શ્રી આર્યરક્ષિત - કલ્યાણ - ગૌતમ - ગુણ - ગુણોદય - કલાપ્રભ સુરીભ્યો નમ**

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન કોઈમ્બતુર સંચાલિત
## શ્રી અચલગચ્છ જૈન ટ્રસ્ટ
## નવનિર્મિત જિનાલયના નૂતન જિનબિંબોની પ્રતિષ્ઠાની વિવિધ ઉછામણી પ્રસંગે પધારવા હાર્દિક આમંત્રણ

**શનિવાર તા : ૧૦ જાન્યુઆરી ૨૦૧૫ ને શનિવાર સવારના ૮.૩૦ કલાક થી**
**સ્થળ : શ્રી કોઈમ્બતુર ગુજરાતી સમાજ, ૫૦૦, મેટ્ટુપલાયમ રોડ,**
**આર. એસ. પુરમ, કોઈમ્બતુર - ૬૪૧૦૦૨**

### આજ્ઞા - આશિષ

**શાસન સમ્રાટ, વર્તમાન અચલગચ્છાધિપતિ તપસ્વી રત્ન, પ.પૂ. આચાર્ય ભગવંત**
**શ્રી ગુણોદય સાગર સૂરીશ્વરજી મ.સા.**
**અને સાહિત્ય દિવાકર રાજસ્થાન દક્ષિણ દિપક સૌમ્ય સ્વભાવી પ.પૂ. આચાર્ય ભગવંત**
**શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા.**

### પ્રેરણા

**પ્રવચન પ્રભાવક પ.પૂ. શ્રી દેવરત્નસાગર મ.સા.**

### સમગ્ર કાર્યક્રમનું સંચાલન

**લોક લાડીલા, નવકાર મંત્રધારક શ્રી નરેન્દ્રભાઈ નંદુ**

### પુણ્યાનુબંધી પુણ્યશાળી મહત્વના ચડાવા

- **મુળનાયક શ્રી મુનિસુવ્રત સ્વામી દાદાની તેમજ શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ અને શ્રી વિમલનાથ ભગવાનની પ્રતિષ્ઠા**
- **શ્રી પદમાવતી દેવી, શ્રી મહાકાલી દેવી, શ્રી ગૌતમ સ્વામીની તથા શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ.સા. અને ૩ મંગલમુર્તિની પ્રતિષ્ઠા**
- **પ્રતિષ્ઠા મહોત્સવમાં ભગવાનના માતા - પિતા, ઈન્દ્ર - ઈન્દ્રાણી, નગરશેઠ - શેઠાણી, સેનાપતિ, જ્યોતિષી અને અન્ય પાત્રો ભજવવાના આદેશ.**
- **વિધિ મંડપ, રાજગૃહી નગરી, ભોજન ખંડ વગેરેના દાતા**
- **દશાન્હિકા, મહોત્સવ દરમ્યાન સાધર્મિક ભક્તિના દાતા**

| | |
|---|---|
| નવકારશીનો નકરો - ૭૫૦૦૦ | બપોરનું પ્રીતિભોજન - ૧,૫૧,૦૦૦ |
| આ - પાણી - ૧૧,૦૦૦ | સાંજના ચોવિહાર - ૧,૦૦,૦૦૦ |

**પ્રતિષ્ઠાના દિવસનો નકરો તા. ૨૩.૫.૧૫, શનિવાર**

| | |
|---|---|
| નવકારશી નો નકરો - ૧,૫૧,૦૦૦ | બપોરનું પ્રીતિભોજન - ૪,૦૦,૦૦૦ |
| આ - પાણી - ૨૧,૦૦૦ | સાંજના ચોવિહાર - ૨,૦૦,૦૦૦ |

- દશાન્હિકા મહોત્સવ ના પૂજન તેમજ અન્ય પ્રસંગોના ચડાવા આપવામાં આવશે.
- આ ઐતિહાસિક પ્રસંગે સકળ સમાજને પધારવા અમારા સંઘનું ભાવભર્યું આમંત્રણ છે. આ શુભ પ્રસંગે હાજર રહી ઉછામણીઓના પ્રસંગને સફળ બનાવવા નમ્ર વિનંતી.

**લિ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન અને શ્રી અચલગચ્છ જૈન ટ્રસ્ટ, કોઈમ્બતુર**

| | | |
|---|---|---|
| શ્રી પ્રદિપ રતિલાલ લોડાયા | શ્રી નીતિન કાનજી લોડાયા | શ્રી લિતિન નવીનચંદ્ર લોડાયા |
| 09843030776 | 09843018927 | 09843015551 |

ઈમેલ : kdomahajancbc@gmail.com

## ભગવાન મહાવીર... મહાવૈજ્ઞાનિક....!!! શ્રી નમ્ર મુનિ મ.સા.

થોડા સમય પહેલાં છાપામાં ન્યૂઝ આવ્યા હતા...'જે વ્યક્તિને આંખો નથી તેને દુ:ખી થવાની જરૂર નથી, તે વ્યક્તિ કાનથી જોઇ શકશે.' સમાચાર વાંચીને ઘણાની આંખો આશ્ચર્યથી પહોળી થઇ ગઇ... અરે ! આ તે કેવી શોધ??

પણ આ જ વાત ભગવાન મહાવીરે ૨૫૦૦ વર્ષ પહેલાં જ કહી દીધી છે, જે જૈન ધર્મના ઉપદેશ ગ્રંથ આગમમાં દર્શાવવામાં આવી છે. ભગવાની મહાવીરે તે સમયે કહ્યું કે આપણી પાંચેપાંચ ઇન્દ્રિયોમાં પાંચે પાંચ સંજ્ઞાઓની ક્ષમતા છે. આ વાત વૈજ્ઞાનિકોએ અનેક પ્રકારના પ્રયોગો બાદ આજે પુરવાર કરી ! ભગવાને આ પ્રકારની શક્તિને 'સંભિન્ન શ્રોત' લબ્ધિ કહી છે.

હવે વિચારો, ભગવાન કેવા સુપર સાયન્ટિસ્ટ હશે!!

આપણે ભગવાનને 'ભગવાન' તરીકે જોઇએ છીએ, તીર્થંકરરૂપે એમની પૂજા કરીએ છીએ, વિતરાગી તરીકે એમના ત્યાગ પ્રત્યે અહોભાવ પ્રગટ કરીએ છીએ, પણ ક્યારેય એમને 'પરમ જ્ઞાની' મહાજ્ઞાની તરીકે અનુભવતા નથી. એકવાર એમના જ્ઞાન સાથે આજના વિજ્ઞાનની તુલના કરીએ તો ખબર પડે ભગવાન મહાવીર માત્ર જ્ઞાની કે વિજ્ઞાની જ ન હતા, પણ પરમ જ્ઞાની અને મહાવિજ્ઞાની હતા.

આજે વૈજ્ઞાનિકો વર્ષોનાં વર્ષોનો સમય અને કરોડો રૂપિયાનો ખર્ચો કરી જે શોધ કરે છે એ જ વાત તો ભગવાને વગર પ્રયોગે,વગર લેબોરેટરીના ઉપયોગે માત્ર પોતાની પ્રજ્ઞા દ્વારા ક્ષણમાં સમજાવી દીધી છે.

આજની કે છેલ્લા સેંકડો વર્ષોની કોઇ પણ શોધ લો, એનો સિધાંત ભગવાન મહાવીરના આગમ ગ્રંથમાં અવશ્ય મળશે.

'વનસ્પતિમાં જીવ છે' આચાર્ય જગદિશચંદ્ર બોઝે રિસર્ચ કર્યું. જ્યારે ભગવાને અઢી હજાર વર્ષ પહેલાં જ કહ્યું છે, વનસ્પતિમાં જીવ છે અને આપણા જેવી સંવેદના પણ છે.

વિજ્ઞાન આજે કહે છે, પહાડો દિવસે દિવસે વધે છે એટલે 'માટીમાં જીવ છે.' ભગવાને અઢી હજાર વર્ષ પહેલાં કહ્યું છે.

ભગવાને કહ્યું હતું, કોઇ પણ જાતના માધ્યમ વિના શબ્દોનો ધ્વનિ સેકન્ડના લાખમાં ભાગમાં યુનિવર્સના ઉપરથી લઇ નીચે સુધી પહોંચી જાય. વિજ્ઞાને એ સિદ્ધાંતના આધારે જ મોબાઇલ ફોનની શોધ કરી.

ભગવાને કહ્યું હતું, આજે જે સૂર્યને આપણે જોઇએ છીએ તે જ સૂર્ય કાલે આપણી સમક્ષ નથી આવતો, પણ પરમ દિવસે આવે છે. વૈજ્ઞાનિકોને હવે જણાય છે કે ગઇકાલના સુર્યમાં અને આજના સૂર્યમાં ફરક છે. એ જ પ્રમાણે ચંદ્રમાં પણ બે છે.

ભગવાને કહ્યું હતું, જે વૃક્ષના મૂળમાં અમૂક પ્રકારના કોશો હોય તો એ વૃક્ષને ઉખાડીને બીજે ઉગાડી શકાય છે. વૈજ્ઞાનિકો કલમને કાપીને બીજી જગ્યાએ ઉગાડવામાં આજે સફળ થયા છે.

ભગવાને કહ્યું હતું, કંદમૂળમાં અસંખ્ય જીવો હોય છે માટે એ અભક્ષ્ય છે. સાયન્સ આજે પ્રયોગો દ્વારા સાબિત કરે છે કંદમૂળમાં અબજો સેલ્સ છે.

ભગવાને તે સમયે કહ્યું હતું, પરમાણુ અવિભાજ્ય છે. એના ક્યારેય બે ટૂકડા થઇ જ ન શકે. આ જ સત્ય જાહેરમાં આવ્યું.

ભગવાને ત્યારે કહ્યું હતું, જો વિશ્વને કોમ્પ્રેસ કરવામાં આવે તો સોયની અણી પર સમાઇ જાય. આજે મોટા મોટા વૈજ્ઞાનિકો તેના પર રિસર્ચ કરી રહ્યા છે.

ભગવાને કહ્યું હતું, માનવશરીરમાં કુલ સાડાત્રણ કરોડ રૂવાટાં હોય. હમણાં સાયન્સે શોધ કરી કે માનવશરીરમાં ત્રણ કરોડ અને સાઠ લાખ જેટલાં રૂવાટાં છે.

ભગવાને કહ્યું હતું, કોઇ પણ પદાર્થ કે જીવનું તાપમાન ઠંડુ કરી દેવાથી તે તેવી સ્થિતિમાં અબજો વર્ષ રહી શકે છે. વૈજ્ઞાનિકો હવે કહે છે, ઝીરો ડિગ્રી નીચે પદાર્થ વર્ષોનાં વર્ષો એમ જ રહી શકે છે. આજ સિદ્ધાંતની આધારે તો રેફ્રિજરેટરની શોધ થઇ છે!

ભગવાને કહ્યું હતું, બેના સંયોજન થવા પર ત્રીજું જન્મે છે, પણ એ ક્યારેય ટકતું નથી. વિજ્ઞાને આજે સાબિત કર્યું કે સંયોજનથી સર્જાયેલું ટેમ્પરરી હોય છે. જ્યારે મૂળ હોય તે પરમેનન્ટ હોય છે.

ભગવાને અઢી હજાર વર્ષ પહેલાં કહ્યું હતું કે વિશ્વમાં જેટલા જીવો છે તેટલાં જ હતા, તેટલા

જ છે અને તેટલા જ રહેશે અર્થાત વસ્તી વધતી પણ નથી અને ઘટતી પણ નથી, ફક્ત એનો પર્યાય અને પ્લેસ બદલાય છે.

જેમ બંગડીમાંથી ચેન બને છે, તો કાલે એ ચેનમાંથી વીંટી પણ બની શકે છે, પણ સોનું તો સાનું જ રહે છે.

તેમ આજે જે હાથી છે તે કાલે મનુષ્ય પણ બની શકે છે અને મનુષ્યમાંથી પક્ષી પણ બની શકે છે, પણ આત્મા તો આત્મા જ રહે છે.

વિજ્ઞાનીઓ હવે માનવા લાગ્યા છે, જેને આપણે વસ્તીવધારો કહીએ છીએ તે ખરેખર વસ્તી વધતી નથી. અહીંના ત્યાં જાય છે અને ત્યાંના અહીં આવે છે. બાકી, જેટલા જીવ જન્મે છે એટલા જ જીવ મૃત્યુ પામે છે અને જેટલા મૃત્યુ પામે છે એટલા જ જન્મે છે.

ભગવાને તો સંખ્યા પણ બતાવી છે. એકડાની આગળ ૨૯ મીંડા મૂકો એટલી જ સંખ્યા હતી, છે અને રહેશે.

ભગવાને કહ્યું હતું, વિશ્વમાં ૯ કરોડ x ૧ કરોડ કરો એટલા જીવો ધાર્મિક વૃત્તિવાળા હોય. સાયન્સે હમણાં જે બુલેટીન બહાર પાડ્યું એમાં એમણે માનવમનની બે પ્રકારની સાયકોલોજી બતાવી અને એમાં ધાર્મિક મનુષ્યનો જે આંક બતાવ્યા તે આંક ભગવાને બતાવેલા આંક પ્રમાણે જ હતો.

ભગવાને ત્યારે કહ્યું હતું, દરિયાના ખારા પાણીમાંથી મીઠું પાણી બનાવી શકાય. એ આજે સાબિત થઇ ગયું છે.

ભગવાન મહાવીરે આગમમાં રાજા અને મંત્રીના દૃષ્ટાંત સાથે સમજાવ્યું છે કે ગટરના પાણીને પણ જો સાત પ્રકારની પ્રક્રિયાથી શુદ્ધ કરવામાં આવે તો એ પીવા લાયક શુદ્ધ પાણી બની જાય. ભગવાને બતાવેલા એ સિદ્ધાંતના આધારે આજે પાણી ફિલ્ટર થાય છે અને પાણીનું રિસાઇકલિંગ પણ થાય છે.

ભગવાને કહું હતું, કોઇ પણ પદાર્થની સુગંધ પરમેનન્ટ નથી હોતી, એ સમય પ્રમાણે બદલાયા કરે છે.

ભગવાને પૃથ્વી અને ચંદ્ર વચ્ચેનું જે અંતર બતાવ્યું છે, એસ્ટ્રોનટસ પણ એ જ અંતર બતાવ્યું


## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન – મોટી સિંધોડી

## સ્નેહ મિલન ૨૦૧૫

**ગામવાસીઓ, નિયાણી બહેનો તથા આમંત્રિત મહેમાનો જોગ,**

**દર વર્ષની જેમ આ વર્ષે આપણા ગામનુ સ્નેહ મિલન રવિવાર તા. ૧૮-૦૧-૨૦૧૫ ના રોટરી ક્લબ, માનપાડા રોડ, ડૉંબિવલી (ઇ) ખાતે સવારના ૭.૩૦ થી સાંજના ૪.૦૦ વાગ્યા સુધી આયોજન કરવામાં આવેલ છે.**

### કાર્યક્રમ

**નવકાર જાપ, દેરાસરના વાર્ષિક ચડાવા, ધ્વજાના ચડાવા, ટ્રસ્ટ તથા મહાજનના હિસાબો, સ્વામિ વાત્સલ્ય, તપસ્વી બહુમાન, શૈક્ષણિક બહુમાન તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. દર વર્ષની જેમ રૂા. ૫૫૫૫/- દેરાસરના નિભાવ ખર્ચ માટે એક એવા ૨૪ નામ નોંધાવવા વિનંતી. ધ્વજાના ચડાવામાં ઉમંગભેર ભાગ લેવા વિનંતી. કાર્યક્રમના ખર્ચને પહોંચી વળવા નીચે પ્રમાણે નકરા રાખવામાં આવેલ છે.**

**સંપુર્ણ સ્નેહમિલનના દાતા રૂા. ૧,૨૫૦૦૦/-, સંપુર્ણ સ્વામિવાત્સલ્યના દાતા રૂા. ૭૫૦૦૦/-, સંપુર્ણ નવકાર જાપનો નકરો રૂા. ૨૫૦૦૦, એક મણકાનો નકરો રૂા. ૭૦૦૧/-, તપસ્વી બહુમાનનો નકરો રૂા. ૫૦૦૧/-, શૈક્ષણિક બહુમાનનો નકરો રૂા. ૯૦૦૧/-. તે ઉપરાંત જનરલ ફંડમાં પણ આપનો ફાળો નોંધાવવા દરેક ગામવાસીઓને અપીલ કરવામાં આવે છે. તપસ્વીઓ, વિદ્યાર્થીઓ તથા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર ગામવાસીઓને પોતાના નામ માનદ્ મંત્રીઓ શ્રી હેમાંગભાઇ લોડાયા - ૦૯૯૨૦૬૪૬૮૪૬ તથા શ્રીમતી જ્યોત્સનાબેન મૈશેરી - ૦૯૯૨૦૫૨૯૫૫૫ પાસે તા. ૫-૧-૨૦૧૫ સુધી નોંધાવવા.**

**નોંધ : ૧) તપસ્વીઓ અને વિદ્યાર્થીઓ મુંબઇ બહારથી પણ નામ નોંધાવી શકે છે. તેમના ઇનામો લઇ જવાની વ્યવસ્થા પોતે કરવાની રહેશે.**

**૨) ધોરણ ૭ સુધી હાજર રહેનાર દરેક વિદ્યાર્થીઓને ઇનામ આપવામાં આવશે. ધોરણ ૮ થી ઉપર ૬૦% થી વધુ માર્ક્સ મેળવનારે પોતાની માર્કસીટ ની xerox સંસ્થામાં આપવાની રહેશે.**

છે. ભગવાને યોજનમાં માપ બતાવ્યું છે. આજના વૈજ્ઞાનિકો કિલોમિટરમાં બતાવે છે.

ભગવાને કહ્યું હતું, જેમ જેમ ગરમી વધે તેમ તેમ મનુષ્યની ઊંચાઇ ઘટે. ઠંડકમાં બોડીના સેલ્સ જેટલો વિકાસ કરીશકે તેટલો ગરમીમાં ન કરી શકે.

ભગવાને કહ્યું હતું, કોઇ પણ પદાર્થની એક જ સમયે ફક્ત એક લાખ જ ઇમ્પ્રેશન પાડી શકાય એનાથી વધારે ક્યારેય નહીં. આજે ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટવાળા ગમે તેવું હાઇફાઇ કૉમ્પ્યુટર બનાવે છે, જર્મનીવાળા પણ કેટલા સમયથી પ્રયત્ન કરે છે, પણ એક લાખથી વધારે કોપી એક સમયમાં નીકળતી જ નથી.

માનો કે ગૂગલ સર્ચમાં એક જ સમયે વિશ્વના દસ લાખ લોકો એક જ શબ્દ પર સર્ચ કરે તોપણ એક સમયે તો એક લાખ જ લોકો સર્ચ કરી શકે, એક સેકન્ડમાં અસંખ્ય સમય હોય.

ભગવાને કહ્યું છે, પદાર્થ બે પ્રકારના હોય. એકનું વજન હોય, એકનું વજન ન હોય. એટલે જેનું વજન ન હોય એ રહે કે એનો નાશ થાય તો પણ ખબર પડતી નથી આની સ્પષ્ટ સાબિતી એટલે એ કે કૉમ્પ્યુટરમાંથી તમે ગમે તેટલી મોટી ફાઇલ, ગમે તેટલા જીબીની ફાઇલ હોય તેને ડીલીટ કરો છો ત્યારે તે ક્યાં જાય છે? ખબર નથી !!!

ભગવાને કહ્યું હતું, કોઇ પણ પદાર્થ પોતાની મેળે ગતિ કરી શકે છે અને એના તર્કમાં જણાવ્યું હતું, કે ઉષ્ણતામાન ગતિ કરવામાં સહાયક બને છે. સાયન્સે હવે એ સાબિત કર્યું છે, એ પણ અનેક પ્રકારના પ્રયોગો કર્યા બાદ!!!

ભગવાન મહાવીરે દેશના આપતી વખતે કહ્યું હતુ: આ શબ્દો ૨૧૦૦૦ વર્ષ સુધી સચવાયેલા રહેશે. વૈજ્ઞાનિકો મશીન્સ દ્વારા એ શબ્દોને પકડવામાં કંઇક અંશે સફળ થયા છે, પણ ભાષા અલગ હોવાના કારણે એ શબ્દોને સમજી શકતા નથી.

ભગવાન કહ્યું હતું, મન:પર્યવ જ્ઞાન દ્વારા મનના વિચારોને જાણી શકાય છે, મનના વિચારોને પકડી શકાય છે. સાયન્સે આજે એ પુરવાર કરી બતાવ્યું છે.

ભગવાને કહ્યું હતું, પાંચ ઇન્દ્રિયોમાંથી ચાર ઇન્દ્રિયોના ઉપયોગ માટે માધ્યમની જરૂર પડે છે. પણ આંખ વગર માધ્યમ જોઇ શકે છે. આજ સુધી વિજ્ઞાન એમ માનતું હતું કે આંખ દ્વારા પદાર્થને જોવામાં રીફ્લેક્શનનો સિદ્ધાંત કામ કરે છે. પણ હવે વિજ્ઞાને જ સાબિત કર્યું છે કે જોવા માટે કોઇ કિરણોનો ઉપયોગ થતો નથી.

પહેલાં કૅમેરા પણ એ સિદ્ધાંતના આધારે બનતા હતા, હવે કૅમેરા પણ નવી ટેક્નોલોજીના આધારે બનવા લાગ્યા છે.

એક હોય છે બલ્બ બનાવવાની શક્તિ અને એક હોય છે બલ્બ વાપરવાની શક્તિ. એમ એક હોય છે ઇન્દ્રિયો બનાવવાની શક્તિ અને તેને કહેવાય છે પર્યાપ્તિ અને એક હોય છે બની ગયેલી ઇન્દ્રિયોને વાપરવાની શક્તિ જેને કહેવાય છે પ્રાણ...! આપણે જે જોઇએ છીએ તે પ્રાણ દ્વારા જ જોઇએ છીએ.

ભગવાને અઢી હજાર વર્ષ પહેલાં કહ્યું હતું, વાદળાં


**શ્રી સેવક ભરૂડીયા ગામે બીરાજમાન શ્રી સચ્ચાઈ માતાજીને નમતા**
**ધુલ્લા પરિવારની પહેડી નિમિત્તે પરિવાર તથા નિયાણી બહેનોને સહર્ષ નિમંત્રણ**

**શુભ ઘડી : રવિવાર તા.૨૮.૧૨.૨૦૧૪ના, સવારે ૮ વાગ્યા થી બપોરે ૪ વાગ્યા સુધી,**

**શુભ સ્થળ : ડ્રીમ્સ બેન્કવેટ હોલ, ૨ જે માળે, એલ. બિ. એસ રોડ, ભાંડુપ સ્ટેશનની બાજુમાં, ભાંડુપ (વેસ્ટ)**

**કાર્યક્રમ :** સવારે ૮ કલાકે ગુણપતિની સ્થાપના, ૮.૩૦ માતાજીની સ્થાપના, ૮.૩૦ થી ૯.૩૦ ચા-નાસ્તો, ૧૦ માતાજીના નિવેદ, ૧૦ - ૧ ભક્તિ સંગીત, બપોરે ૧૧.૩૦ વાગ્યે માતાજીનો થાળ, ૧૨ થી ૨ પ્રસાદી, ૨ થી ૪ ઈનામ વિતરણ

**નોંધ**: ૧. પ્રથમ ૫૦ ભાવિકોને ડ્રો દ્વારા ઈનામ ૨.પરીક્ષાનારીઝલ્ટ કાર્યકર્તા ભાઈનો મોકલવા. ૩. અઠ્ઠાઈ તથા વધારે તપસ્યા કરનારા ભાવિકોએ માહિતી મોકલવી. ૪. કાળા વસ્ત્રો પહેરીને આવવું નહીં.

**સંપર્ક**: સોમચંદભાઈ ધુલ્લા - 9820061565, ભરત દૌલત - 9324526275,
ભરત જી. ધુલ્લા - 9323808354, અશોક ધુલ્લા - 9987046461, ગૌતમ ધુલ્લા - 9819538189

છ મહિનાથી વધારે ન ટકે અને હવાને હવા જ મારી શકે. સાયન્સે એ પ્રયોગો દ્વારા સાબિત કર્યું.

ભગવાને કહ્યું હતું, તમે વર્ષા સુધી જેટલું ભણ્યા હો... જેટલું જ્ઞાન તમારા મગજમાં પડ્યું હોય તે બધું જ તમારા મગજમાંથી બીજાના મગજમાં ટ્રાન્સફર કરી શકાય.

જર્મનીના વૈજ્ઞાનિકો એના પર ઘણા સમયથી પ્રયોગ કરી રહ્યા છે. અને કઇંક અંશે મેકિનિઝમમાં સફળ થયાં છે, જેમકે, મોબાઇલમાં બ્લુટુથ દ્વારા ફાઇલ ટ્રાન્સફર થવી...!!!

આવા તો હજારો સિદ્ધાંતો અને સત્ય છે જે ભગવાને અઢી હજાર વર્ષ પહેલાં કહ્યાં છે અને એને વૈજ્ઞાનિકો અનેક પ્રકારના પ્રયોગો, અનેક પ્રકારની ટેક્નોલોજી અને અનેક પ્રકારની લેબોરેટરીની સહાય દ્વારા સાબિત કરવા વર્ષોના વર્ષો અથાગ મહેનત કરી રહ્યા છે.

વૈજ્ઞાનિકો જેને પ્રયોગ દ્વારા પુરવાર કરે, ભગવાન એને પ્રજ્ઞા દ્વારા જાણે...! એટલે જ કહીશું ભગવાન મહાવીર મહાવૈજ્ઞાનિક...??

**- સૌજન્ય : જૈન પ્રકાશ**

## હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર સથવારે તારીખ : ૨૬.૧૨.૨૦૧૪ને શુક્રવારના બપોરના ૧૨ વાગ્યા થી ૨.૩૦ દરમ્યાન પરબ શક્તિ સંજીવની સોસાયટીનો કલીનીક, શ્રી અનંતનાથ કોમ્પલેક્ષ (જૈન કોમ્પલેક્ષ) ડબ્બા કંપનીની બાજુમાં, કાંજુરમાર્ગ-ઈસ્ટમાં હાડકાની તકલીફ ધરાવતા દર્દીઓ માટે હોમિયોપેથિક મેડીકલ કેમ્પ યોજાયેલ છે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક : શ્રીમતી શ્વેતા મિતેશ શાહ મોબાઈલ નંબર 9619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશનના રૂ.૫૦, ત્યાં આવીને ભરવાના રહેશે. રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૨૦. ૧૨. ૧૪ છે. ત્યાર પછી નામ નહીં લેવામાં આવે.

ખાસ નોંધ : હાડકાના દર્દીઓએ ફક્ત કાંજુરમાર્ગ આવવું ચેમ્બુર ખાતે બિલકુલ લેવામાં નહીં આવે એનું ખાસ ધ્યાન રાખશોજી. અને કિડની, લિવર. સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે હોમિયોપેથી મેડીકલ કેમ્પ શનિવાર તારીખ ૨૭.૧૨.૧૪ના સવારના ૧૧ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી તથા રવિવાર તારીખ ૨૯.૧૨.૨૦૧૪ના સવારના ૯ વાગ્યાથી બપોરના ૨.૦૦ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે યોજાયેલ છે.

ઈચ્છુક જ્ઞાતિજનો એ લાભ લેવા સંપર્ક : શ્રીમતી શ્વેતા મિતેશ શાહ, મોબાઈલ નંબર : 9619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

## ભરોસો અને મહેનત

જીવનમાં સઘળી રીતે નાસી પાસ થયેલો યુવાન બગીચામાં બેઠો હતો. એને વેપારમાં એટલી મોટી ખોટ આવી હતી કે જમીન જાયદાદ ગીરવે રાખવી પડી હતી. મિત્રોએ પણ એનાથી મોં ફેરવી લીધું હતું અને આવી પરિસ્થિતિમાં ડૂબેલો યુવાનની પાસે ધનવાન લાગતો એક વૃધ્ધ માણસ આવ્યો અને એણે યુવાનની એની નિરાશાનું કારણ પૂછ્યું. યુવાને જિંદગીમાં આવેલી આસમાની સુલતાનીની વાત કરી ત્યારે વૃધ્ધએ કહ્યું સહેજે ચિંતા ના કરીશ મારૂં નામ જહોન ડૉ.રોફેલર છે. હું તને ઓળખતો નથી, પણ તું ઈમાનદાર લાગે છે આથી તને ઉછીના દસ હજાર ડોલર આપવા હું તૈયાર છું.

આટલું બોલીને એ વૃધ્ધે ચેકમાં રકમ લખી આપી અને કહ્યું કે બરાબર એક વર્ષ પછી આપણે આ બગીચામાં મળીશું અને તું એ સમય સુધીમાં મહેનત કરીને મારૂં દેવું ચૂકવી આપજે!

વીસમી સદીમાં દસ હજાર ડોલરનો ચેક એ ઘણી મોટી રકમ ગણાતી અને યુવકનું મન હજી માનતું નહોતું કે એ અપરિચિત વ્યક્તિએ કઈ રીતે આટલો મોટો મારાપર ભરોસો રાખ્યો જ્યારે મને ખુદને મારાપર ભરોસો નથી. એણે ચેકને જાળવીને રાખ્યો અને રાત દિવસ મહેનત કરવા લાગ્યો. વિચાર કર્યો કે કોઈ મોટો મુશ્કેલી આવશે ત્યારે ચેકની રકમનો ઉપયોગ કરીશ. એના મનમાં એક જ ધૂન હતી કે દેવું ચૂકવીને હું મારી પ્રતિષ્ઠા પુનઃ પ્રાપ્ત કરૂં. એના પ્રયત્નો સફળ થવા લાગ્યા અને માથેથી દેવું ઉતરી ગયું. નિર્ધારિત દિવસે એચેક લઈને રોકફેલરની રાહ જોઈને ઊભો રહ્યો. એ વૃધ્ધ આવ્યા. યુવકે ભાવથી પ્રણામ કર્યા. ત્યાં એક નર્સ દોડતી આવી અને વૃધ્ધને પકડી લીધા. યુવક પરેશાન થઈ ગયો. નર્સે કહ્યું આ પાગલ વારંવાર પાગલ ખાનામાંથી ભાગી જાય છે. એ લોકોને જહોન ડૉ. રોકફેલર બનીને ચેક આપે છે!. યુવક મૂઝવણમાં પડી ગયો. જે ચેકની તાકાતથી એણે આ કામ કર્યુ હતું તે ખરેખર બનાવટી હતો.

**મહેન્દ્ર દામજી છેડા, અમદાવાદ**

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈની તા. ૧.૪.૨૦૧૫ થી તા. ૩૧.૩.૨૦૨૦ સુધીની વ્યવસ્થાપક સમિતિના બિનહરીફ ચૂંટાયેલા ઉમેદવારોની યાદી

| | |
|---|---|
| મુકેશ હિરાચંદ નરશી શિયાડ | જખૌ - ડોંબિવલી |
| રિતેશ કિશોર ખોના (કાયાણી) | જખૌ - મુલુંડ |
| હેમંત રમેશ ધુલ્લા | તેરા - ડોંબિવલી |
| રાયચંદ દેવશી મુનવર (જીવાણી) | જખૌ - ડોંબિવલી |
| રમેશ હિરજી લોડાયા (સુથરીવાળા) | મંજલ - ડોંબિવલી |
| હિરાચંદ વિશનજી નાગડા | રાપર - ડોંબિવલી |
| હરેશ ખિમજી મોમાયા | સાંયરા - ડોંબિવલી |
| દિનેશ રામજી લોડાયા | સાંધવ - મુલુંડ |
| હિતેશ ભોજરાજ નાગડા | રાપર - મુલુંડ |
| અતુલ ડુંગરશી ધરમશી (શાહ) | સુથરી - ડોંબિવલી |
| અજિત માલશી લોડાયા | તેરા - મુલુંડ |
| પ્રવિણ ટોકરશી લોડાયા | કોઠારા - ડોંબિવલી |
| તેજપાલ લખમશી ધરમશી | લાલા - મુલુંડ |
| અજય હિરાચંદ શિયાડ | જખૌ - ડોંબિવલી |
| રાજેશ જયંતીલાલ લોડાયા | મોટી ખાવડી - ભાંડુપ |
| વિરચંદ નરશી લોડાયા | રાપર - મુલુંડ |
| જગત ચંદુલાલ ધરમશી | સુથરી - વડાલા |
| દિપક ભવાનજી લોડાયા | સાંયરા - ડોંબિવલી |
| અરવિંદ રાયચંદ લોડાયા | દલતુંગી - ડોંબિવલી |
| અનુજ ગિરીશ લોડાયા | રવા - ડોંબિવલી |
| ચેતન હિરાચંદ નાગડા | નલીયા - કાંજુરમાર્ગ |
| હિરાલાલ હંસરાજ ડાઘા | વરાડીયા - માટુંગા |
| જીવરાજ ગોવિંદજી લોડાયા (શાહ) | મોટીખાવડી - થાણા |
| લેરીન વર્ધમાન ખોના | સુજાપુર - પવઈ |
| કલ્પેશ મહેન્દ્ર લોડાયા | સાંધવ - ચેંબુર |
| વિપુલ કરમશી લોડાયા | સાંધવ - ભાંડુપ |
| ભરત વેરશી મુનવર (જીવાણી) | જખૌ - ડોંબિવલી |
| ચંદ્રેશ સોમચંદ ડાઘા | વરાડીયા - વાશી |
| પ્રવિણ ભવાનજી ખોના | કુવાપધર - ગોરેગાવ |
| ચિમનલાલ દેવજી નાગડા | રાપર - ભાંડુપ |
| લક્ષ્મીચંદ લાલજી પોલડીયા | બાયઠ - મુલુંડ |
| ચિમનલાલ હિરજી ખોના | નલિયા - માટુંગા |
| કમલેશ મુલચંદ સોની | જખૌ - ડોંબિવલી |
| ચેતનકુમાર ખીમજી મોમાયા | જખૌ - ઘાટકોપર |
| ભાવિન જયંત સોની | સુથરી - વિલે પારલે |
| જતીન તરૂણ ધરમશી | સુથરી - વિલે પારલે |
| ટોમેશ કાંતિલાલ નાગડા | જખૌ - ડોંબિવલી |
| અમિત વિનોદ ધુલ્લા | સુથરી - મુલુંડ |
| સમીર શામજી દંડ | સાંધવ - મુલુંડ |

## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડસનું ટ્રસ્ટ તા. ૧.૪.૨૦૧૫ થી તા. ૩૧.૩.૨૦૨૦ સુધીના બિનહરીફ ચુંટાયેલા ટ્રસ્ટીઓની યાદી

| | |
|---|---|
| લેરીન વર્ધમાન ખોના | સુજાપુર - પવઈ |
| માલતી હરીશ ધરમશી | જખૌ - સાનપાડા |
| ચિમનલાલ હિરજી ખોના | નલીયા - માટુંગા |
| હિરાલાલ હંસરાજ ડાઘા | વરાડીયા - માટુંગા |
| ઉપેન્દ્ર કાંતિલાલ ગોસર | બરોઈ - દાદર |
| ચેતનકુમાર ખીમજી મોમાયા | જખૌ - ઘાટકોપર |
| કમલેશ મુલચંદ સોની | જખૌ - ડોંબિવલી |
| હેમરાજ મેઘજી ગોસર | બાયઠ - ઘાટકોપર |
| જયંત ભવાનજી સોની | સુથરી - વિલે પારલે |

## રસોડું? એ કયાં આવ્યું ?




(ઘરમાં અને સ્ત્રીઓના જીવનમાં રસોડાના મહત્વ અંગે) આ પહેલાં પણ આપણે ઘણીબધી વખત વાત કરી ચૂકયા છીએ. તમે તો બોર જ થવાનાં છો, બાળકો! પણ આજે આ વિષય ફરીથી એટલા માટે યાદ આવ્યો કે સવારે એક ઇન્ટરવ્યુમાં મને પ્રશ્ન પુછાયો, ‘‘તમે કયાં અને કયારે સહુ પહેલી રસોઇ શીખ્યા?’’

મેં વિચારીને કહ્યું, ‘‘મારા પિયરના રસોડમાં ! મમ્મી પાસે !’’ ઇન્ટરવ્યૂ લેનાર અંગ્રેજી મીડિયમની ફાંકડી યુવતી જવાબ સાંભળીને ડઘાઇ ગઇ ! ‘‘હેં, તમારી મમ્મીએ તમને નાનપણથી જ રસોડમાં જોતરી દીધા હતા?’’

‘‘ના, એણે મને કયારેય વિધિવત રસોઇ શીખવી ન હતી. અમે ત્રણ બહેનો નિયમિતપણે તેને રસોઇમાં મદદ કરતા. હું મારી મોટી બહેનોને જોઇને જ શીખી ગઇ. ઘર પ્રત્યેની ફરજના ભાગરૂપે રસોઇ આવડતી ગઇ.’’

બાળકો, મારી સામે અત્યારે તમે મોઢું વકાસીને જોઇ શું રહ્યા છો? વળી આમાં છોકરા-છોકરી હોવાનો પણ સવાલ નથી. ખાવું તો બધાને ગમે છે. તો રસોઇ શીખતાં કેમ જોર આવે છે? આખી જિંદગી તમારે માના હાથની રોટલી જ ખાવી છે ? અને દીકરીઓ, રસોઇ આવડે એટલે ‘હાઉસવાઇફ’ ન બની જવાય. હોં કે ! સારી હાઉસવાઇફ બનવા માટે તો તમારે કદાચ ફરી જન્મ લેવો પડશે. નિયમિત ઊઠવું, ચા-દૂધ, લોટા-પવાલા, કૂકર, બાળકોને ફટાફટ તૈયાર કરવા, ડબા ભરવા, વટ-વ્યવહાર સાચવવા, વડીલો હોય તો તેમને સંભાળવા, પતિનું તથા તેના વર્તુળનું ધ્યાન રાખવું. બાળકોને લેસન કરાવવું, પથારીઓ કરીને છેલ્લે દહીં મેળવીને તે સવારની દૂધની કુપન મૂકીને ઊંઘી જવું... આ અને આવા તો અસંખ્ય કામો સ્ત્રીઓ કોઇ પણ અપેક્ષા વગર કર્યે જ જાય છે.

રસોઇ કરવી મને તો ગમે છે ! મને તેમાં આનંદ અને શિસ્તનો અનુભવ થાય છે. તમે સારી રસોઇ બનાવી છે? કરી જોજો, મજા આવશે. તમારા પપ્પા ઘણી વાર રાંધે છે. તમારા મામા તો ફર્સ્ટકલાસ રસોઇ બનાવે જ છે. જોકે અમે નાના હતાં ત્યારે ત્રણ બહેનોનો એકનો એક ભાઇ હોવાથી તમારા મામા રસોડામાં પગ નહોતા મૂકતા, તે હકીકત છે.

તમને તો રસોડમાં પગ મૂકવો જ નથી ગમતો. કેમ? નાનપ લાગે? શરમ આવે? ખરેખર જો એવું હોય તો મને તમારી દયા આવે છે. હવે આપણે એવા યુગમાં પ્રવેશી રહ્યા છીએ કે જ્યાં આખા દિવસના નોકર-મહારાજ-બાઇઓ મળશે નહીં, મળશે તો પોસાશે નહીં. જોકે તમે



Since 1984...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...

રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
Mob. : 7666688881

ગુરૂવાર બંધ

તો તરત બોલશો, ''ત્યારની વાત ત્યારે... એને માટે તું અત્યારે અમારું માથું ખા મા !''

અમારા માટે તો રસોઇ શીખવા સિવાય કોઇ વિકલ્પ જ ન હતો. મારું ચાલ્યું હતો તો હું જિંદગીભર ગૅસના ચૂલાની નજીક ફરકી જ ન હોત! પણ અમારી ફરજના ભાગરૂપે અમારે માને મદદ કરવી જ પડતી. વળી એ જમાનામાં મહિનામાં ત્રણ-ચાર દિવસ મા અમુક કામ ન કરતી. એ વખતે મોટીબહેનને એવા દિવસ હોય તો મારે માથે જ બધું પડી જતું. વળી રોજિંદા કામોમાં પણ વહેંચણી થતી. આજની જેમ ઘેર ઘેર ધોબી નહોતા આવતા. હું શર્ટની ઈસ્ત્રી આટલી સરસ કેમ કરૂં છું તે તમને સમજાયું ? ચિંતા ન કરશે, તમને પણ શીખવી દઇશ.

ડીશો ફટાફટ ધોઇને ચડાવી દેવી, એક પણ સળ વગરની પથારી કરવી, વાસીંદુ વાળવું કે કપડાં તાર પર સૂકવી દેવાં... આ બધાં કામો અમે જ કરતાં, મહેમાન આવે ત્યારે પૂરીઓ તળવામાં માની મદદ કરવી, વરસમાં એક-બે વાર પાપડ અને અથાણાં ઘેર જ બનતાં. જોકે આ બધી વાત તમને કરવાથી શો ફાયદો? હું તો ફક્ત એટલું જ કહેવા માગું છું કે આપણા જ ઘરના કામ કરવામાં શી નાનમ?

તમે કદીક પરદેશ ભણવા જશો, અન્ય શહેરોમાં જઇને વસશો... શીખેલું ક્યારેક તો કામ લાગો જ છે. આજના કમ્પ્યુટર અનો હાઈટેક્નોલૉજીના યુગમાં તેની તેમને ખબર હોય, પણ ઘરમાં તુવેરની દાળ ક્યાં હોય... અરે બ્રેડ પર લગાડવાનું બટર ક્યાં હોય, તે પણ ખબર નથી હોતી ! મેં વીસ-પચ્ચીસ વર્ષની છોકરીઓને બણગાં ફૂંકતી સાંભળી છે. ''મને તો ઘરમાં કાંઇ ન ખબર હોય.. બ...ધું મમ્મી ને ભાભી કરે !'' આવા લોકોની દયા નથી આવતી એમના કર્યા એ ભોગવશે. આજકાલનાં છોકરાં... મન ફાવે ત્યારે ઘરમાં આવે ને જાય. ઘરમાં બધું ક્યાંથી આવે છે., કેમ બને છે... કોઇને જાણવું નથી !

નાનકડી આનંદિતાને વળી રસોઇનો ચસ્કો લાગ્યો છે. મને ખૂબ ગમે છે... હું એને જે કરવું હોય તે કરવા પણ દઉ છું. પીઝા પર મૂકવાના કેપ્સીકમ-કાંદા એ સરસ સમારે, ક્યારેક કૅક બનાવે.

બાળકો, ઘરમાં કઇ ચીજ ક્યાં પડી છે તેની તમને ખબર છે ખરી? તમને બધાને દહીં તો બહુ જ ભાવે છે. તો મેળવતા આવડે છે? દહીં ખાટું ન થાય તે માટે શું કરવું તે ખબર છે? ના, ખરૂં ને? તે દિવસે મેં આદિત્યને રસ્તામાંથી જીરૂં લાવવા માટે કહ્યું... તો ભોળો થઇને પૂછે... મૉમ... કઇ દુકાનમાં મળે? કેવું દેખાય?

બાળકો, હું તમને રસોઇના પાઠ ભણાવવા નથી માગતી, પણ હું રસોઇ કરતી હોઉં કે મહારાજ તમારી ભાવતી ચીજ બનાવતા હોય તો બાજુમાં ઊભા તો રહો! ઘરમાં રહો તેટલો સમય આંખ-કાન ખુલ્લા રાખો.. હળવું, ફીણવું, વલોવવું, ફણગાવવું, કૂટવું, ચાયણી-પરાળ, ઓરસિયા, છીબું, તાસક... આ બધા શબ્દો સમજવા માટે પણ રસોડા ભણી પ્રયાણ કરો !

ચાલો ત્યારે ઘરમાં હળદર ક્યાં પડી છે તે કોણ કહેશે? હળદર શું છે એ તો ખબર છે ને? પાવડર, મસાલો, પ્રવાહી, દાળ કે ફેસપૅક? જે સૌથી પહેલા ઘરમાંથી હળદર શોધી લાવશે એની ગમતી વાનગી આજે સાંજે બનશે... જાઓ, દોડો!

મૉમ....

***- શોભા ડે ના પુસ્તકમાંથી સાભાર***


શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No. 11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની

સંપર્ક : 08879677709

॥ શ્રી ભોમિયાદાદાય નમઃ ॥

દુબઈ શોપીંગ ફેસ્ટીવલઃખાસ પ્ર.27-01

દુબઈ-આબુધાબી

4N-5D, All Inclusive ₹ 24444/- + $499

કેરલા કચ્છ રણઉત્સવ

7N ₹ 18888/- Ex. Cochin ₹ 5900/-

ઉવ્વસગ્ગહર-કલકત્તા-ચંપાપુરી-બનારસ સાથે/સિવાય શિખરજી

તન મન ટુર એન્ડ ટ્રાવેલ્સ

9323360708

E-mail : tanmantravels@yahoo.co.in

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - મુંબઈની વ્યવસ્થાપક સમિતિ અને અનંતનાથજી ટ્રસ્ટની ચૂંટણીઓમાં બીનહરીફ ચુંટાયેલા સૌ જ્ઞાતિ આગેવાનોને અભિનંદન.**

- તન - મન પરિવાર

**શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ**

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★

SHIKHARJI Continental

MADHUBAN - JHARKHAND

॥ શ્રી આશાપુરા માતાય નમઃ॥

## ક.દ.ઓ. પોલડીયા પરિવાર જોગ

"ગોરંગબાલુડો" પોલડીયા પરિવાર આયોજીત (ગોએરસમા - રંગપુર - બાયઠ - બારોઈ - લુણી - ડુમરા).

કચ્છ ઘણીયાણી કુળદેવીમાં શ્રી આશાપુરા માતાજીની છઠી પહેડીનું આયોજન તા. ૪.૧.૨૦૧૫ રવિવારના રોજ અનંતસિધ્ધી એ.સી. હોલ, ભાંડુપ મધ્યે કરવામાં આવેલ છે.

આ પહેડી મહાપ્રસાદ પ્રસંગે છએછ ગામના પોલડીયા પરિવાર તથા નિયાણી બહેનોને સહ પરિવાર પધારવાનું ભાવભર્યું આમંત્રણ પાઠવતા અમો અત્યંત હર્ષ અનુભુવીએ છીએ.

સવારના ૮.૩૦ કલાકે મધુબન ગાર્ડન, ભાંડુપથી વાજતે ગાજતે પૂ. માતાજીનો વરઘોડો શરૂ થશે અને તેનું હોલમાં ભાવભર્યું સ્વાગત થશે.

સવારના ૯.૩૦ કલાકે સ્થાપના, ૯.૪૫ શાસ્ત્રોત રીતે પુજન, ૧૦.૩૦ માતાજીને નૈવેદ્ય, ૧૧.૪૫ મહા આરતી, ૧૨.૧૫ પહેડીના લાભાર્થી પરિવારનું બહુમાન, ૧૨.૩૦ થી રાસગરબા - ભજનોની રમઝટ, ૨.૩૦ આભાર દર્શન અને પુર્ણાહુતિ

**પહેડીના લાભાર્થી પરિવાર - માતુશ્રી સોનબાઈ ચંદુલાલ પોલડીયા પરિવાર બાયઠ - હસ્તે શ્રીમતી ચંદ્રીકાબેન ઝવેરચંદ પોલડીયા શ્રી સ્વ. ભારતીબેન વિરચંદ પોલડીયા**

તો આલો આપણે સૌ. પોલડીયા પરિવારો, નિયાણી બહેનોના સથવારે ઢોલ - નગારા રાસગરબા તથા શ્રી મનોજ કારાણીની ટીમ સાથે ભાવનાની રમઝટે માતાજીની પહેડીનો ભાવપુર્વક લાભ માણીએ.

**લિ. ગૌરંગ બાલુડો પોલડીયા પરિવાર**
**શ્રી દીપક દામજી પોલડીયા,**
**શ્રી ભરત શિવજી પોલડીયા**

કેતન પોલડીયા : 9892120323
શૈલેશ પોલડીયા :9930782936
કેતુલ પોલડીયા : 9833660353
યોગેશ પોલડીયા : 9869338808

**ના જય માતાજી**

**નોંધ : કાળાવસ્ત્રો પહેરીને આવવું નહીં**

## શ્રી સુથરી મહાતીર્થે છ'રી પાલક સંઘની સંઘમાળ

શ્રી ગઢસીસા તીર્થેથી દેવપર કોટડા (રોહા), નરેડી, બીટા, તેરા, નલીયા, લાલા, સિંધોડી, રાપર ગઢવારી, મોથાળા, કોઠારા થઈ શ્રી સુથરી મહાતીર્થે તા. ૧૭.૧૧.૧૪ના પ્રવેશ કરતાં છ'રી પાલક સંઘનું શ્રી સુથરી જૈન સંઘ દ્વારા ભાવભર્યુ સ્વાગત કરવામાં આવેલ.

સાહિત્ય દિવાકર પ.પૂ. આ. ભ. કલાપ્રભસાગર સુરીશ્વરજી મ.સા. તથા પ.પુ. ગણીવર્યોથી અને વિશાળ સાધુ સાધ્વી સમુદાયના શુભ સંગાથ સાથે ૧૭૦ આરાધક યાત્રિકો સહિત ૩૫૦ ભાગ્યશાળીઓનો છ'રી પાલક સંઘનું માતુશ્રી ગંગાબેન ગોવિંદજી લાલજી ગડા - ગઢસીસા પરિવાર દ્વારા આયોજન કરવામાં આવેલ. શ્રી સુથરી તીર્થે આ સંઘ માટે સુંદર વ્યવસ્થા પુરી પાડી હતી.

### કોઈમ્બતુરમાં પ્રતિષ્ઠાની ઉછામણી

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન કોઈમ્બતુર સંચાલિત શ્રી અચલગચ્છ જૈન ટ્રસ્ટ દ્વારા નવનિર્માણ જિનાલયના નૂતન જિનબિંબોની પ્રતિષ્ઠાની વિવિધ ઉછામણી શનિવાર તા.૧૦.૦૧.૧૫ના સવારના ૮ વાગ્યાથી કોઈમ્બતુર ગુજરાતી સમાજ ૫૦૦ મેટુ પલાપમ રોડ, એસ. એસ. પુરમ, ખાતે યોજાશે.

**જય દાદા ટ્રાવેલ્સ**
ઓ. નં. ૨૨, શાંતિ ચેમ્બર્સ, એસ.બી.આઈ બેંક સામે, સ્ટેશન રોડ, ભુજ
રાહુલ દંડ : 9978790169,
ધીરેન લોડાયા : 8980787800/ 9580920990
એકજ ફોન પર કચ્છમાં કોઈપણ જગ્યાએ જવા અમારી ગાડી બુક કરાવો સુખરૂપ પ્રવાસ કરો. બધા પ્રકારની એસી/નોનએસી ગાડીયો મળશે.

**લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ**
**અવસર સારીઝ**
• સાચી/ટેસ્ટેડ કસબ અને ઝીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
• રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.
૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.ટે.૨૪૧૬૪૨૩૯
સંપર્ક: દિનેશ દેઢિયા 92234 25676

## ભાવભીની શ્રદ્ધાંજલી

ફુલ ગયું ફોરમ રહી



જન્મ
૨૯-૧૨-૪૯

અરિહંત શરણ
૧૯-૧૧-૧૪

### સ્વ. ઈન્દુમતી સોમચંદ માલદે - વડોદરા

**સદા હસતી રહી તું, દુઃખ દેખાડ્યું નહીં,**
**કદી ન ભૂલાશે, સદા આસપાસ રહેશે તું...**
**સહજ, સરળતાથી કહી દેતી તું,**
**ખોટ ના પૂરાશે કદી તારી,**
**મમતાની મૂર્તિ, સ્નેહની સરીતા તું....**
**પ્રભુ આપના આત્માને પરમ શાંતિ આપે.**

**આપની સ્નેહ સ્મૃતીમાં....**

| | | |
|---|---|---|
| પતિ શ્રી | : | સોમચંદ વીસનજી માલદે |
| પુત્ર-પુત્રવધુ | : | ભાવના - નિલેશ માલદે<br>લેખા - જીનેશ માલદે<br>કાનન - અમીત માલદે |
| પૌત્રો-પૌત્રી | : | મીત, ફોરમ, માહીર, સિધ્ધ |
| દેર-દેરાણી | : | હરીશ-જ્યોતી<br>કાંતીલાલ-ભાગ્યવંતી<br>નીતીન-નીતા |
| ભાઇ-ભાભી | : | સ્વ. અરવિંદભાઇ - લીલાબેન<br>જીતેન્દ્ર - કલ્પના<br>ભરત - મીતા |
| બહેન-બનેવી | : | સ્વ. તારામતીબેન - સ્વ.ખેતશીભાઇ<br>રેખા - કમલભાઇ |



**સ્વ. વીસનજી વિરપાર માલદે સમસ્ત પરીવાર**
**સ્વ. વીરજી જીવરાજ નાગડા સમસ્ત પરીવાર**

## આગામી અચલગચ્છ સંઘના છરી પાલિત સંઘના સંઘપતિની અનુમોદના




ધન્ય આય હી કચ્છડેજી ધીંગી ધરા...ઓન ધરા તે વસે હી પાંજા કચ્છી માડુ, કચ્છી માડુ એજી વાણી ત મઠી મધુરી સક્કર જેડી અને હન ધરા મેં વસ્યો આય ગઢશીશા જેડો ગામ.

ઓન ધરતી તે મા લીલબાઈજી કુક્ષીયે જનમ્યો ગોવિંદજી ભા જેડો કુલદિપક હીરલો અને ગોવિંદ કે સહીયારો ડનેલા કુમકુમ પગલે નોં આવઈ ગંગામૈયા જેડી લક્ષ્મી જે વધારઈ ગડા પરિવારજી આન.....બાન....શાન.... ગંગાબાઈ જો સપનું સાકાર થ્યો અને ગંગાબાઈ કઢયાં અબડાસેજી વડી પંચતીથી જો છરી પાલિત સંઘ સંઘ મેં જોડાણા મોભાઈજાનો કચ્છજા નો વરી દેશદેશાવરજા પાંજા ભાવર ભેનરું.....

ગઢશીશાથી સંઘ નકર્યો વનો બ બ ગંજે મેં એટલે સુથરી તીર્થ, ગુણ પાર્શ્વતીર્થ માળજો બન્યો બહોળ ઠાઠ માઠ જભરો....

સંઘપતિ ગડા પરિવાર યાત્રિકેં કરાંયા અઠઈ અઠ દેરેજા દર્શન સાથે ધલ જા દ્વાર ખોલેને અબડાસે જે મણી દેરેમેં પહેરાંયા પ્રભુએંજે કંઠમે હેમજા હાર

નેરચો ત ખરા કેડા ધલજા ધલાવર હી અસાંજા અગાશી ગામડેજા સંઘપતિ.. હી નેરે ને ત પાંજા નેણદીપી વને હી ત જોકો નેરે ઉજ જાણે એનીજી પ્રભુ ભક્તિ!

*લી. અગાશી છરીપાલીત સંઘના*
*યાત્રિક મધુબેન લોડાયા*

શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
**શ્રી મુલજી રાઘવજી લોડાયા**
**MRL Group of Companies**

## ચર્ચાને ચોતરે
વાચકોના સ્વતંત્ર મંતવ્યો

### ક્ષમા વીરસ્ય ભૂષણમ્ (૧)

આશરે વીશેક વરસ પહેલાંની વાત. મારી કલમે શાંતિજિન જાગૃતિ ગ્રુપ દ્વારા આયોજિત સમૂહલગ્નના કાર્યક્રમને ત્યારે ઠઠારાભર્યા, દેખાડાપૂર્ણ અને આડંબરયુક્ત ગણાવેલા. એવા એ સમારંભોને જાહેરમાં વખોડતો પત્ર પ્રકાશ સમીક્ષામાં છપાવેલો. એવા કાર્યક્રમો સાદગીયુક્ત રહેવા જોઈએ તેમ ભારપુર્વક જણાવેલું.

તેનો વિરોધ દર્શાવવા તેમ જ તે કાર્યક્રમ અંગે કેટલીક સ્પષટતા આપવા એ ગ્રુપના કેટલાક કાર્યકરો એક સાથે મારે ઘેર આવ્યા અને કન્યાદાનના કાર્યક્રમો પાછળનો આશય સવિસ્તર સ્પષ્ટ કરાયો. એ ખુલાસાથી સંતોષ થતાં, તે પછીના અંકમાં મેં માફીપત્ર લખી મારા એ સંપુર્ણ ચેપટર પર પડદો પડયો.

તેમણે વધુમાં સ્પષ્ટતા કરેલ કે પોતાના ફોટા જ્ઞાતિ મેગેજીનોમાં છપાય, તે કોને ના ગમે? આવા અનેક નાના મોટા દાતાઓના અભિવાદન થતા ફોટા છાપી, દાતાવર્ગને પ્રેરણા આપવાની સુયોજિત ગોઠવણ થાય છે.

કન્યાદાનના મોટા ખર્ચને પહોંચી વળવા અનેક નાના મોટા દાતાઓને સંપર્ક કરવો પડે અને તેમને પ્રેરણા આપી યોગદાન આપવા વાળવા પડે. તેમના અનુદાનને વખાણતા ફોટા, કન્યાદાનના કાર્યક્રમને પ્રેરકબળ પુરું પાડી આ સમસ્ત આયોજનને સફળ બનાવાય છે.

તેમાં અન્ય જ્ઞાતિના પણ કેટલાયના તેમ જ આશ્રમવાસી કન્યાઓના લગ્ન પણ કરાવી આપી, તેમને ભવ્ય રકમના કન્યાદાન સાથે સાધન સામગ્રી અને જવેરાત તેમ જ ઘરગથ્થુ વસ્તુઓથી તેમની અનુમોદના કરવામાં આવે છે. એ ઈતર જ્ઞાતિની કન્યાઓને પણ આપણા સમાજમાં આવકારાય છે.

મોટી ટીમ વર્કને વિવિધ જવાબદારીઓ આપી આ સંપુર્ણ કાર્યક્રમને સફળ બનાવાય છે.

આ ઉમદા આશયથી દર વરસે એક વખત સમુહલગ્નનું કચ્છમાં દબદબાપુર્વક પધ્ધતિસર આયોજન થાય છે અને વિના વિઘ્ને સમુંસુતરું ખૂબ જ આનંદ અને હર્ષોઉલ્લાસથી ઉજવાય છે. કોઈનેય કોઈ તકલીફ નહીં પડે તેમ સુવિધાજનક રીતે અને કચ્છમાં જ તેનું આયોજન કરી જ્ઞાતિજનોને કચ્છમાં આવનજાવનની પ્રેરણા અપાય છે.

મજકુર માફીપત્ર છપાતાં તેમના દ્વારા યોજાતા સમૂહલગ્નના કાર્યક્રમને વખોડતા પત્રના વિવાદને પુર્ણવિરામ અપાયો. ગઈ ગુજરી સદાયને માટે વીસરાઈ ગઈ હોય તેમ મને જ્યારે મળે ત્યારે આદર સત્કાર અને માન મરતબો આપે છે.

એ ઘટના બાદ પુજ્ય શ્રી ભાગચંદભાઈ અને તેમના પરિવારજનો સાથે અમારી મુલાકાત સ્ટેજ પર કે જાહેર સમારંભોમાં અવારનવાર થઈ હશે.

પરંતુ મેં ક્યારેય પણ તેમના મોઢા પર મારા માટે કોઈ નારાજી, અણગમા તીરસ્કારની ભાવના જોઈ નહીં. સદગતશ્રી ભાગચંદભાઈ જૈન સમાજકલ્યાણના તેમ જ ધાર્મિક ક્ષેત્રે પુષ્કળ પૈસા વાપરી તેમની પાસેની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી. આજે તેમના પરિવારજનો પણ પિતાશ્રીએ ચીંધેલા માર્ગ પર સમાજ ઉત્કર્ષની પ્રવૃતિને વેગવાન બનાવે છે.

તેઓ મને પ્રેમ અને આદરપુર્વક બોલાવતા, માનપાન આપતા. આજે તેમના સર્વે પરિવારજનો અને હું પણ તેમની વિશાળ હૃદયતાને સહૃદય સ્વીકારું છું.

કહેવાય છે કે ક્ષમા વીરસ્ય ભૂષણમ્.

***- કુલીનકાંત ચાંપશી લુઠીયા,***
***સામાજિક કાર્યકર***


**અસલ કલા-કસબનો સમન્વય**
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઈનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે,
મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786

## PARENTS- HELP THE SEED TO BE A TREE

*TILAKCHAND LODAYA (Chennai)* **Email :ourbrotherhood@yahoo.co.in Mob.: 099406 36646**

One does not become a Narendra Modi and then develop the qualities he is identified with as the Chief Minister of Gujarat and now the Prime Minister of India. When you are still Narendra, you develop certain qualities and these qualities make you Narendra Modi. When you are still ordinary, you develop certain extraordinary qualities and these qualities make you an extraordinary person. What you sow today, you will reap tomorrow. The world-class citizens of tomorrow are developed in the Homes today by the responsible hands of parents. Only in the formative years habits can be moulded. But when they get rooted, they can not be uprooted easily. Hence the efforts in this direction are a must from the parents because we need excellence and not explanations. We need results and not reasons.

In the present day Indian Society there is an exaggerated focus on which school, which college and which institution a child should pursue education and consequently are we grossly underestimating the role of parenting in the making of an individual. There is no greater institution of learning values than the parents and family. Institutions build professional. Parents develop the person. Parents are the primary architects in the development of character in children.

How often we hear Sachin Tendulkar say, “My Father always told me..” and “ my brother used to tell me...”

It was Jawaharlal Nehru, who told his daughter Indira Gandhi, “You will often find your life splitting into two roads – one, the easy and the crowded and the other, the tough and less crowded. Take the less crowded and that will make all the difference. Much later in her life, Indira Gandhi acknowledged, “ that is exactly what I did and that has made all the difference.” We learn much more by what we see than what we hear.

On similar lines my father had sown the seeds of a challenge in me. “To develop the habit of travelling in life in unchartered areas and roads less travelled to live and enjoy life to the fullest.” It is this guiding North Star that navigated my life from a businessman to a Taxman and many more things that followed as my life unfolded.

That’s why the primary responsibility in parenting is to be a role model worth emulating. The only scripture most children read is the life of their parents they get to watch it from the closest proximity. As parents, your life will serve either as a warning or as an example to your children. I remember a new year celebration in the Income Tax colony at Peddar Road, Mumbai. The partying was at its peak. I noticed that somebody patted my back. On turning I found my youngest daughter Sanskruti, aged 14 years, standing with a smile. She said,”Daddy, I am proud of you! You are the only person who are not having liquor!” I was stunned and could not speak for few moments. I embraced her and the communication of the highest order was transacted without any verbal communication.

A child need not be a rank holder for him to be a rank holder in life. If you analyse the career graphs of many of your friends and other students, who were excellent in classes of the schools and colleges, were not so successful in the classes of Life. In every field people who have lead the role are those with horizontal growth and vertical expertise. So, the parental responsibility is to create avenues for horizontal exposure to your children and they will grow up to find their vertical expertise. Every human being has Multiple Intelligence: Musical Intelligence, Numerical Intelligence, Spatial or creative Intelligence, Linguistic Intelligence, Social Intelligence, Interpersonal Intelligence, Bodily Intelligence, Financial intelligence, Mechanical Intelligence and so on and so forth. People who usually make it to the top are those who develop themselves in Multiple Intelligence . Such children stand above the crowd. “Every child is a rare,

unique, original, masterpiece.... Master’s Piece. Don’t mould him into a show piece. He is there to be ‘he’ and no one else.”

Communicate enough with your child and instil in him the confidence. When children are starved of appreciation at home their self image is retarded. Parenting is still an art and needs to be customized. Create and inculcate a rainbow of positive desires in them to help then in the quest of their life because “There is no saturation in life.... only saturated minds. There is no stagnation in life... only stagnant people. There is as much room as your heart can conceive.. as much room your mind can believe.. as much room as your attitude towards life. The only word that can befit life is ‘ More’. There is always room for ‘Most and More’. ( Mahatria Ra.)

Help them to have open minds and a clear vision to make them realise that how blessed they are to understand the reality that a piece of cotton held close to their eye covers the entire world and if it is held at a distance then it is just a piece of cotton and the creation at its best is visible and available for your development and betterment.

Parenting is one of the purposes of human life. Serve it well and let myriad trees of better human beings blossom on this planet Earth.

# 'ભૂલી જવાય છે?'

ડો. વીરચંદ લખમશી નાગડા MBBS. - Bom મો. 09757303562

આજે 'ભૂલી જવાય છે' આ વાક્ય બહુ સામાન્ય રીતે ઉચ્ચારાતું દેખાય છે. આમાં વય, વ્યસ્તતા કે કાર્યશૈલીને કોઈ સ્થાન નથી. અગાઉ વધતી ઉંમરે આ તકલીફ જણાતી પણ આજે તો નવયુવાનોને પણ આ તકલીફ થઈ ગઈ છે.

સૌ પ્રથમ તો આ તકલીફ વિશે ઉંડાણથી વિચારવું જરૂરી છે અને આપણે શું ભૂલી જઈએ છીએ તે જાણી તે રીતે તકલીફ નાબુદ કરવા પ્રયત્ન કરવા જોઈએ. 'ભૂલી જવાય છે' એ સામાન્ય વાક્ય હોવા છતાં અહીં ભૂલી જવાના ઘણા પ્રકાર છે: ખાસ કરીને - વસ્તુ કે કાગળ ક્યાં રાખ્યું; ચોક્કસ સમયબાદ કરવાના કાર્યો, ઘણા સમયબાદ મળનારની ઓળખ, આગળ બની ગયેલ ઘટના વિશે ઝિણવટ - આ બધું બહુ ચિંતાજનક નથી, કારણ આ તો આપણા મગજના તે વિષયના અણગમાને લીધે કે ક્ષમતાને લીધે થાય છે. પણ કેટલીક નાની વાતો ટુંક સમય પહેલાં બનેલી ઘટના વિશે; રોજબરોજ મળનાર વ્યક્તિના નામ; હમણાં જ મૂકેલી વસ્તુ કે રોજ રખાતી વસ્તુનું સ્થાન ભૂલવું કે પછી રોજીંદા જીવનક્રમના કેટલાક ચોક્કસ સમયના કાર્યો ભૂલી જવા- એ તકલીફદાયક અને સહેજ ચિંતા સ્પદ છે.

**ભૂલી જવાના કારણો :** આપણું મન જે કાર્ય કે ક્ષેત્રને પસંદ નથી કરતું તેના તરફ તે ઉદાસી કેળવે છે અને તેને યાદ રાખવા પ્રયત્ન કરતું નથી. દા.ત.૧) સમાજમાં સૌની ઓળખ રાખવાના અભિગમવાળી વ્યક્તિ સૌના નામ - ઠામ યાદ રાખે છે જ્યારે સૌની ઓળખ રાખવાનું બહુ ગમતુ નથી તેઓ નામ જલ્દી ભૂલે છે.

૨) ઘરના જરૂરી કાગળ અને દસ્તાવેજની ચિંતા ન રાખનાર વ્યક્તિ કાગળ ક્યાં રાખવું જરૂરી તેની જ ચિંતા કરતાં નથી અને ચોક્કસ સ્થાને મૂકવાની ચિંતા ન કરવાથી ક્યાં મૂકાયું તે ભૂલી જાય છે.

૩) સગાસંબંધીઓની વ્યક્તિગત પૂછતાછ કે સંભાળ ન રાખ્યાથી ધીરે-ધીરે નામ ભૂલાય.

આ ઉપરાંત આપણું મન અન્ય કોઈ ચિંતામાં જ સતત અટવાયેલું રહેતું હોય કે નિરાશા, ક્રોધ કે ઈર્ષ્યાના અતિક્રમણથી ઘવાયેલું હોય તો પણ ભૂલવાની તકલીફ સહજ જ છે અને સૌથી મોટું કારણ છે મનની તે યાદ રાખવાની જવાબદારી કે કાર્ય તરફની ઉપેક્ષા.

**આ તકલીફ દૂર કરવાના ઉપાયો:** ૧) સૌ પ્રથમ તમે શું ભુલી જાવ છો તે નક્કી કરો અને એ વિશે મનની રુચિ વધારો.

૨) ક્યાં મૂકાયું તે ભૂલવાના ઉપાય રૂપ દરેક વસ્તુના સ્થાન નક્કી રાખો. જરૂરી કાગળ માટેની


શુભેચ્છાસહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.


શ્રી શાંતિનાથાય નમઃ શ્રી ચંદ્રપ્રભુસ્વામીને નમઃ

## ગોએરસમા - બારોઈ ધ્વજા મહોત્સવ - જાહેર નિમંત્રણ

**બન્ને ગામવાસીઓ તેમજ નિયાણી બહેનો જોગ,**

બન્ને ગામના દેરાસરોની ધ્વજા મહોત્સવ નિમિત્તે ફાગણ વદ ૧ અને ફાગણ વદ ૨ તા. ૬.૩.૧૫ અને તા. ૭.૩.૧૫ ના રોજ બે દિવસીય મહોત્સવ યોજેલ છે. તો આ જાહેરાતને નિમંત્રણ સમજીને પધારવા કૃપા કરશોજી.

પધારનાર ગામવાસીઓ તેમજ નિયાણી બહેનોએ નીચે આપેલ મોબાઈલ ઉપરે અગાઉથી જાણ કરવી જેથી સગવડ સાચવવામાં સુગમતા રહે.

**પ્રવીણભાઈ મોમાયા : 09425089966**
**અશોક પોલડીયા : 09422212250**
**ઉપેન્દ્ર ગોસર : 09323199335**
**ભુપેન્દ્ર ડાઘા : 09819883522**

**લિ. ધનપતિ કુંવરજી મોમાયા**
**(પ્રમુખશ્રી)**

ફાઈલ બનાવો અને તે સમયસર યથાસ્થાને મૂકવાની ચિંતા રાખો.

૩) નકારાત્મક અભિગમ ન રાખતા હકારાત્મક અભિગમ રાખો જેથી મન તે યાદ રાખવા તૈયાર થશે.

૪) ભૂલાય એવી બાબતોની યાદીને ફરી ફરી યાદ કરો. એ યાદ રાખવાની બાબત મોટેથી અન્યને કહેતાં હોઈએ તેમ બોલવાથી મન સજાગ નોંધ લેશો.(તેથી જ ઘણી વખત અન્યને યાદ અપાવજો કહ્યા પછી તે વ્યક્તિ યાદ અપાવે તે પહેલાંજ આપણને જ યાદ આવી જાય છે)

૬) ભૂલાતી ચીજો વિશે માહિતિ લેખિત એટલે કે ડાયરી (કાયમ માટે) અને નાની કાપલી (તાત્પુરતી) યાદ માટે તેમાં નોંધ રાખો. આ કાપલી કે ડાયરીમાં લખવાની આદત કેળવતાં ભૂલાયુ તો તેમાં તરત મળી જશે અને મનની યાદ રાખવાનો બોજ કે ભૂલાઈ જવાનો ભય નહીં રહે. આમ મગજ પરથી બોજ અને ભયનો ભાર ઘટતાં મગજની ક્ષમતા વધશે જ.

**યાદશક્તિ વધારવાના સામાન્ય ઉપાય -**
૧) પત્તાની રમત ને ગણિત ગમ્મત યાદશક્તિ વધારવાને સુંદર નુસખો છે. જીતવાના હેતુથી ક્યો પત્તો ક્યારે, કોણે રાખ્યું તે મન સહજ ભાવે યાદ રાખે છે અને તે કસરતરૂપ બની રહે છે.

૨) વર્તમાનપત્ર, પુસ્તક કે મેસેજમાં વાંચેલી ગમેલી વસ્તુઓને યાદ કરી, મમળાવવી-તેના વિશે પૂર્ણતઃ યાદ કરવા પ્રયત્ન કરવો.

૩) આપણને ગમ્યું કે ઉપયોગી પડયું તે અન્યને પણ યાદદાસ્ત જરૂર વધશે.

૪) નામ નંબર જે જરૂરી છે છતાં ભૂલાતાં હોય તે ફરી ફરી લખવું કે યાદ કરવા

૫) પ્રશ્ન પૂછીને પણ એના ઉત્તર મનમાં નોંધાય છે.

૬) રટણ એ યાદદાસ્તનું પ્રથમ પગથીયું છે.

૭) એકાગ્રતા કેળવવી એ યાદદાસ્ત વધારવા ઉપયોગી બની રહે છે. તે માટે ધ્યાન (મેડીટેશન) ખૂબ જ ઉપયોગી બની રહે.

૯) મગજની ક્ષમતા વધારવા માટે ચિંતા અને ક્રોધથી મુક્ત બનો.

૧૦) ખુશનુમા વાતાવરણમાં ફરવું, મનપસંદ વ્યક્તિઓની સાથે વાતો કરવી કે સમય ગાળવો.

૧૧) પોઝીટીવ થીંન્કીંગ રાખો અને એવાજ વાતાવરણમાં રહો

૧૨) સૌથી મુખ્ય અને જરૂરી-જેમ મોબાઈલમાં જગ્યા (સ્પેશ) ઘટે નહિં તેનું આપણે ધ્યાન રાખીએ છીએ અને બીન ઉપયોગી મેસેજ કે વધુ (mb) જગ્યા રોકતાં ઈમેજ કે વીડિયો આપણે (ડીલીટ કરીએ) કાઢી નાખીએ છીએ તેમ સંસારના બીનઉપયોગી પ્રસંગો કે વાદ-વિવાદ કે મનને દુઃખી કરતી ચર્ચાઓ (delete કરો), મનમાંથી કાઢી નાખો તો મગજ વધુ (save કરવા) યાદ રાખવા સક્ષમ બનશે.

૧૩) તમાકુ દારૂ જેવા વ્યસનથી મુક્ત રહો.

વિટામીન બી કોમ્પ્લેક્સ ખાસ કરીને બી$_{૧}$ (થાયમીન), બી$_{૨}$ (રાઈબોફ્લેવીન), બી$_{૩}$ (નિયાસીન) અને બી$_{૧૨}$ (સાયનોકોબાલ એમાઈન) યાદશક્તિ માટે ખૂબ જ જરૂરી છે, પાંદડાવાળા શાકભાજીમાંથી મળે. બી૧ દૂધ, ફોર્ટીફાઈડ પાઉ અને અનાજમાંથી મળે. બી$_{૨}$ આનજ, નટ્સ, દૂધ અનો દૂધની ચીજો બીલા પાંદડાવાળા શાકભાજીમાંથી મળે. બી$_{૩}$ દૂધ, નટ્સ અને દૂધની ચીજોમાંથી મળે. બી$_{૧૨}$ દૂધ, દૂધની ચીજો, સીફૂડમાંથી મળે. લેસીથીન યાદશક્તિ વધારવામાં મદદ કરે. તે બદામ, તલ, સોયાબીન અને ઘઉંની આઈટમોમાંથી મળે. કોકોના ઉપયોગથી પણ યાદશક્તિમાં સુધારો થાય. બ્રાહ્મી, શંખપુષ્પી, કેસર વગેરે સદીઓથી યાદશક્તિ માટે વપરાય છે પણ એના પર વૈજ્ઞાનિક સંશોધન થવું જોઈએ, આનો ઉપયોગ કરવામાં કોઈ નુકશાન નથી છતાં કેસર ગરમ વસ્તુ છે યોગ્ય પ્રમાણમાં જ લેવી.

ગલુકોઝની થોડી વારની ઓછપ પણ વિચારશક્તિ અને નિર્ણયશક્તિ પર અસર કરે છે. આપણા મગજમાં સાકર કે ગલુકોઝનો સંગ્રહ થતો નથી તેથી કાર્બોહાઈડ્રેટ-ઘઉં, રાંગી, બ્રાઉનરાઈસ, અમરન્થ, ફળો, ડ્રાઈફ્રુટ વગેરે યોગ્ય પ્રમાણમાં લ્યો. પ્રીઝરવેટીવ જે જન્કફ્રુટ બહારના પેક ડબ્બા કે બહારની વસ્તુઓ ન બગડે એ માટે નાખવામાં આવે છે એ મેમરીસેલ્સને નુકશાન કરે છે. બજારૂ ખાદ્ય ટાળો. દિવસના ૭-૮ ગ્લાસ પાણી પીઓ જેથી શરીરમાંથી ટોકસીન બહાર

***અનુસંધાન ૨૩માં પાને***

## વતનના વહેણ

### કચ્છ રણોત્સવનો પ્રારંભ થઈ ચૂકયો છે

એકી જગ્યા એ સફેદ રણ, સમુદ્ર અને ભાત ભાતવાળી લોકસંસ્કૃતિ જોઈ શકે એવા કચ્છને રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય પર્યટન નકશા પર મુકનારા ગુજરાત સરકારના પર્યટન વિભાગનુ વિશેષ આયોજન રણ ઉત્સવ - ૨૦૧૪ નો શુભારંભ કચ્છના ધોરડી ગામ પાસેના સફેદ રણમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે શનિવાર તા. ૬.૧૨.૧૪ ના કરાવડાવ્યો. આ રણોત્સવ ૫ મી માર્ચ ૨૦૧૫ સુધી ચાલશે રણોત્સવ દરમિયાન અહીં આવનાર પ્રવાસીઓ વિશેષ સગવડવાળા તંબુઓમાં રહેવાની તથા કચ્છના જોવાલાયક અને મહત્વના સ્થળોની કન્ડક્ટેડ ટુર રૂપે મુલાકાત લેવાની સુવિધા મેળવી શકશે.

### વેલસ્પન સીટી અંજાર ખાતે ભારતની સૌથી મોટી સ્પીનીંગ મીલ

વેલસ્પન ગ્રુપને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મેક ઈન ઈંડિયા મિશનમાં પોતાના યોગદાન રૂપે કચ્છના અંજાર પાસેના વેલ સ્પન સીટીમાં ભારતની સૌથી મોટી સ્પીનીંગ મીલ શરૂ કરી છે. જે શનિવાર તા. ૬.૧૨.૧૪ ના ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે રાષ્ટ્રને અર્પણ કરી હતી.

***- સંકલન : લબ્ધિ કુમાર મોમાયા***

### ''ભદ્રેશ્વર જૈન તિર્થ માં વૃક્ષો''

આપણા કચ્છવાળા ભદ્રેશ્વર જૈન તિર્થમાં પાછલા બે વર્ષ માં દરમ્યાન બે હજાર થી વધારે વૃક્ષો રોપવામાં આવ્યા છે. ખુબજ સરસ આઠ દસ ફૂટ વધેલ છે. લીંબડો, વડલો, પીપડો જેવા વૃક્ષો જેમની ઉંમર હજારો વર્ષોની હોય છે. તેની રોપણી કરેલ છે.


ભદ્રેશ્વર તીર્થથી સાવ નજીક ઓ.પિ.જી. પાવર પ્લાંટ ફંડ સમય માં કાર્ય કરતું થઇ જશે. જે થી અહીના પર્યાવરણ ઉપર ખુબજ ગાઢ અસર થવાની છે આ વાતને ધ્યાનમાં રાખીને જ આપણે મોટા પાયે વૃક્ષો બાવવાનું શરૂ કરેલ છે. ભદ્રેશ્વર ગામ માં ખાલી રહેલ જગ્યામાં હાયવે રોડ ઉપર બધેજ ઠેકાણે વૃક્ષો લગાવી રહ્યા છીએ. આનો ખર્ચ કંપનીઓને સમજાવી પચાસ ટકા એમની પાસેથી મેળવવામાં સફળતા મળેલ છે. હાલમાં દેરાસર પરિસરમાં ચંદન સુખડના રોપા લગાવેલ છે. આ એક નવ સર્જનાત્મક કાર્ય પ્રયોગ કરેલ છે અને વિશ્વાસ છે કે આવનારા દસ વર્ષમાં મોટા પાયે સુખડ મળશે અને પર્યાવરણમાં વધી રહેલ પ્રદુષણ ગરમીને રોકવામાં આપણે સફળ થશું, વૃક્ષો હશે તોજ વર્ષા આવશે, વર્ષા આવશે તોજ પશુપક્ષી માનવો માટે નવજીવન મળશે.

***તેજકુમાર જૈન,*** *ભદ્રેશ્વર જૈનતિર્થ*

### અબડાસાના રૂપ ગામોમાં ઘઉંનું વાવેતર

અબડાસા તાલુકાના બોર આધારિત પિયત ગામોની સીમતળમાં રવીપાક ઘઉંનું વાવેતર શરૂ કરાયું છે. કપાસનો ફાલ મોટાપાયે નિષ્ફળ જતાં ઘરતીપુત્રોએ રવીપાક ઘઉંનું વાવેતર શરૂ કર્યું છે જે ૨૫ ડિસેમ્બર સુધી ચાલશે.


તાલુકામાં આમ તો અછત જેવી પરિસ્થિતિ નિર્માણ થઇ છે પણ ત્રીસથી પાંત્રીસ ગામોમાં બોર આધારિત પિયતની સુવિધા હોતાં રવીપાક ઘઉંનું વાવેતર પ્રારંભાયું છે. તાલુકાના કોઠારા વિસ્તારના, લાલા, બુડિયા, કોણિયારા, પરજાઉ, વાંકુ, વારાપધ્ધર, ભાનાડા, રવા, બીટિયારી, ભાચુંડા, હાજાપર, નુંધાતડ, ગુઢવાડા વગેરે ગામોની સીમમાં શિયાળુ પાક ઘઉંનું વાવેતર આરંભાયું છે.

**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119




**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## કે.ડી.ઓ.કલાસિકે ભાભા એટોમિક રિસર્ચ સેન્ટરની મુલાકાત લીધી

કે.ડી.ઓ. કલાસિક ના સભ્યોએ શુક્રવાર તા. ૦૫.૧૨.૧૪ના ભાભા એટોમિક રીસર્ચ સેન્ટર (બી.એ.આ.સી)ની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત અણુશક્તિ અને રોજિંદા જીવનમાં તેના ઉપયોગ વિશે જાણવાની અનન્ય તક સમાન રહી.

બી.એ.આર.સી.ના ડિરેક્ટર શ્રી શેખર બસુએ કે.ડી.ઓ.કલાસિકને યુવાનોના જૂથ તેની મુલાકાતે લઈ આવવાનું નિમંત્રણ આપ્યું છે. સંસ્થા આ સંદર્ભમાં જાન્યુઆરી મહિનામા આપણા સમસ્ત સમુદાયના કિશોરો, યુવાનોને બી.એ.આર.સી.ની મુલાકાતે લઈ જવાનું વિચારી રહી છે.

## શ્રી કચ્છી જૈન મહિલા મંડળ - કોલકત્તા

શ્રી કચ્છી જૈન મહિલા મંડળ કોલકત્તાની મીટીંગ તા.૧૫.૧૧.૨૦૧૪ ના શનિવાર રોજ મંજરીબેન વોરાના ઘરે કીટી પાર્ટી રાખવામાં આવેલ. બે ગેમ્સ રમાડવામાં આવેલ. બંગડીની ગેમ્સમાં જયશ્રીબેન ખોના તથા લીલાવંતીબેન મારૂ તથા બીજી ગેમ્સ ટીકા વાળીમાં જયશ્રીબેન ખોના તથા ગીતાબેન શાહને પ્રાઈઝ મળેલ. હાઉસી રમ્યા.

તા. ૧૬.૧૧.૨૦૧૪ના રોજ કચ્છી જૈન યુવામંડળ તરફથી અંતાક્ષરી પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. એમાં ૬ ગ્રુપ પાડવામાં આવેલ. દબંગ-ધૂમ-બોસ-સિંઘમ-ગુંડે-ગોલમાલ. લક્કી ડ્રો રાખવામાં આવેલ. ઘણાં પ્રાઈઝ રાખેલ. એમાં ગોલ્ડની ગીની તથા સીલ્વરની ગીની રાખવામાં આવેલ. ડિનરનું આયોજન કરવામાં આવેલ .

તા. ૨૩. ૧૧.૨૦૧૪ના શ્રી કચ્છી જૈન મહિલા મંડળને ૫૦વર્ષ પૂરાં થતાં સિદ્ધચક્ર મહાપૂજનનું આયોજન કરવામાં આવેલ. તા.૨૨.૧૧.૨૦૧૪ના દિવસે પૂજનમાં જોઈતા બધા ધાનના લાડુ વાળવા ૬ વહુઓ આવેલ. લાડવા વાળી તેમને મંડળ તરફથી ૫૧રૂ. નું કવર આપવામાં આવેલ. બધા મેમ્બરોએ પૂજનમાં લાભ લીધેલ. આરતી, મંગળદીવો અને શાંતિકળશની બોલી બોલવામાં આવેલ. આરતીનો લાભ કલ્પના શાંતિભાઈ વીરાએ રૂ.૩૦૩૬માં લીધેલ. મંગળદીવાનો લાભ નિર્મળાબેન હસમુખભાઈ શાહે રૂ.૪૦૦૦ લીધેલ. શાંતિકળશનો લાભ જયશ્રીબેન વિરેન ધુલ્લાએ રૂ.૬૦૦૦માં લીધેલ. સંઘને સધાર્મિક ભક્તિ કરાવવામાં આવેલ તથા રૂ. ૫ ની પ્રભાવના કરવામાં આવેલ.

ભારતીબેન લાલકાના પૌત્ર ઋષિનો બર્થ ડે હતો તો તેમના તરફથી મહિલા મંડળને રૂ.૧૦૦૦ની ભેટ આપેલ તથા યુવા મંડળને રૂ.૧૦૦૦ ની ભેટ આપેલ.

સુશીલાબેન લાલકાના ઘરે તા. ૧. ૧૨. ૨૦૧૪ના સોમવારે જાપ રાખવામાં આવેલ. મંડળને રૂ.૫૦૧ની ભેટ મળેલ છે તથા બધાને સાધાર્મિક ભક્તિ કરાવેલ રૂ.૨૦અને સ્તવનોની C.D.ની પ્રભાવના કરેલ.

## શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, મુંબઈ

શ્રી વરાડીયા જૈન મહિલા મંચનો આઠમો વાર્ષિકોત્સવ રવિવાર, તા.૧ લી ફેબ્રુઆરી

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
Asia's First ISO 9001:2000 Certified Gin Press

૨૦૧૫ના બપોરના ૩ થી ૭ કલાક દરમ્યાન શેઠશ્રી નરશી નાથા હોલ, ૧લે માળે, અનંત સિધ્ધી, ભાંડુપ મુંબઈ મધ્યે રાખવામાં આવેલ છે.

કાર્યક્રમમાં અવનવી ગેમ તથા સંગીત સાથે DJ નો સમાવેશ છે. ડ્રેસ કોડ સાડી અથવા ડ્રેસ કલર રેડ અથવા બ્લેક છે.

વરાડિયાની પરિણિત બહેનો તથા પરિણિત નિયાણીઓ જેઓ નવ વર્ષના મંચના સભ્યો થવા ઈચ્છે છે તેમને સજોડે કાર્યક્રમમાં પધારવાની વિનંતી છે. નવા સભ્યોને આકર્ષક રીટર્ન ગીફ્ટ આપવામાં આવશે તથા લક્કી ડ્રો રાખવામાં આવશે.

## ક.દ.ઓ.સામાજિક સુરક્ષા યોજના

કે.ડી.ઓ વેલ્ફેર એસોસીએશનની રજત જયંતિ નિમિતે સપ્ટેમ્બર ૨૦૧૫ સુધી સામાજિક સુરક્ષા યોજનામાં રૂ.૨૦૦/- સભ્યમાં ફીની રાહત આપવામાં આવી છે. જ્ઞાતિજનો હવે ફક્ત એક જ વખત રીફંડેબલ રૂ.૨૦૦૦/-ની રકમ ભરી યોજનામાં જોડાઈ શકે છે.

યોજના પ્રમાણે જે સભ્યનું ૫૫ વર્ષની વય પહેલા અવસાન થાય તો તેના વારસદારને રૂ.૭૫૦૦૦/- અને જો અકસ્માતે અવસાન થાય તો વધારાના રૂ.૭૫૦૦૦/- અપાય છે. અન્યથા સભ્યને ૫૫ વર્ષ પુરા થતા મુદત અનુસાર ૧૦૦% સુધી બોનસ સાથે ડીપોઝીટની રકમ પરત કરાય છે.

આ યોજનામાં સ્વાર્થ સાથે પરમાર્થ પણ છે. કોઈ સભ્યનું અવસાન થતાં તેના વારસદારને ચુકવવામાં આવતી રકમના અન્ય સર્વે સભ્યોનો ફાળો રહે છે. નવેમ્બર ૨૦૧૪ સુધીમાં ૯૯૪૧ જ્ઞાતિજનો આ યોજનામાં જોડાયા છે. અત્યારે ૭૪૪૭ સભ્યો છે. ૨૯૨ સભ્યોના અવસાન થતાં અત્યાર સુધી ૨૯૦ સભ્યોના વારસદારોને કલેમ ચુકવાયો છે.

આ વર્ષે એપ્રિલથી નવેમ્બર ૨૦૧૪ સુધીમાં ૩૯૦ નવા સભ્યો નોંધાયા છે ને ૨૧ સભ્યો અવસાન થયા છે.

૫૩ વર્ષ સુધીના જ્ઞાતિજનોને આ યોજનામાં જોડાવવા આગ્રહ છે.

## 'ભૂલી જવાય છે?' પાના ૧૯થી ચાલુ

નીકળી જાય અને યાદશક્તિને નુકશાન ન થાય. ફ્રાન્સમાં ૩૦૦૦લોકો પરના અભ્યાસમાં જણાયું કે અલગ અલગ શીફ્ટમાં કામ કરનાર ૧૦વર્ષ શીફ્ટમાં કામ કરે તો તેની યાદશક્તિ અને વિચારવાની શક્તિમાં જલ્દી ઘટાડો થાય છે તેથી જીવનમાં નિયમિત બનો.

કસરતથી મગજમાં લોહીનું પરિભ્રમણ થાય છે તેથી મગજ સારી રીતે કામ કરે, યાદશક્તિ માટે શિર્શાર્શન, સર્વાંગાસન, અર્ધ મત્સ્યેન્દ્રાસન, સિદ્ધાસન અને મત્સ્યાસન કરા જેમને ચશ્માના નંબર ૩ થી વધુ હોય, હાઈ બી.પી. હોય એમણે શિર્ષાસન ન કરવું. હાઈ.બી.પી., હૃદયરોગ, થાઈરોઈડ, સર્વાઈકલ સ્પોન્ડીલાઈટીસ હોય એમણે સર્વાંગાસન ન કરવું.

જ્યારે પણ કોઈ વસ્તુ યાદ રાખવી હોય તો તેને નજરની સામે નિહાળો (વિઝયુઅલાઈઝ કરો) આપણે જે વસ્તુ જોઈએ એ વધુ સમય સુધી યાદ રહે છે. આપણું મગજ વિચિત્ર વસ્તુ કે પ્રસંગો સારી રીતે યાદ રાખે છે. માટે જ વિઝયુઅલાઈઝ કરીએ તે જરા અલગ રીતે યાદ કરીએ.અને જે યાદ રાખ્યું છે તે શરૂમાં ૨૪ કલાકમાં ફરી યાદ કરીએ પછી અઠવાડિયે એકવાર અને પછી મહીને એકવાર કરવાથી યાદ રહી જશે.

જ્ઞાન મુદ્રા (અગુંઠાને પહેલી આંગળી અડાડો બાકી આંગળીઓ સીધી રાખો)માં આંખ બંદ કરી વિચારો, જાંબલી કિરણ માથા દ્વારા પ્રવેશી આખા શરીરમાં પ્રસરે છે. જીભને ફેલ્ડ કરી તાળવાને અડાડી શ્વાસ બહાર કાઢતી વખતે હમ્મ્ એવો અવાજ કરો. આ ક્રિયા ૧૦ મિનિટ દિવસમાં બે વખત કરો. શાંત ઉંઘ લ્યો. ઉંઘ ન થાય તો પણ યાદશક્તિ પર પરિણામ થાય છે.

ગીનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પામનાર, એક સાથે ૫૦૦ ડિજીટ્સ યાદ રાખનાર મેમરી ટ્રેઈનર ઈરાન કીટ્ઝ કહે છે કે મુહાવરો અને ટેકનિક યાદ રાખવા માટે જરૂરી છે. આપણને જેમાં રસ હોય છે એ સારું યાદ રહે છે માટે જે યાદ રાખવું હોય એને ગમે એવું અને આનંદ આવે હ્યુમરસ બનાવો. જૈન મુનિશ્રી અજીતચંદ્ર સાગરજી એ ૫૦૦ ચીજો યાદ રાખી ક્રમસર અને રેન્ડમલી પણ કહી બતાવી એ પ્રબળ ઈચ્છાશક્તિ અને સતત સાધનાનું ફળ છે.

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ દ્વારા સમુહલગ્નોત્સવ

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા ક.દ.ઓ.જૈન જ્ઞાતિનો સમુહલગ્નોત્સવ ૨૦૧૪ સુથરી કચ્છ મધ્યે યોજાયો હતો. જેમાં ૬ નવ યુગલો એ પ્રભુતામાં પગલા માંડયા હતા.

સમુહલગ્નનાં મુખ્ય સહયોગી માતુશ્રી નવલબેન નવિનંચદ્ર ધરમશી પરિવાર સુથરી-પુના-માટુંગા તથા માતુશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયા પરિવાર સાંયરા-ડોમ્બીવલી હતા. શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજનશ્રી સુથરીનો વિશેષ સહયોગ રહ્યો હતો. કન્યાદાનના મુખ્ય દાતાશ્રી માતુશ્રી કુંવરબાઈ ભવાનજી સોની-સુથરી-જુહુ હ.જયંત સોની (જોય ગ્રુપ-મુંબઈ) હતા.

પૂ. મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા., પુ.સાધ્વી શ્રી મહાયશાશ્રીજી મ.સા.તથા પુ.સાધ્વી શ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા.ની શુભ પાવન નિશ્રામાં શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન યોજાયું હતું. વિધિ વિધાન ધર્મેશ દેઢીયા, કિરણ ગાલા તથા અનીલભાઈએ કરાવ્યા હતા.

પૂજનમાં કિશોર સંગાર એન્ડ પાર્ટીએ ભારે રમઝટ જમાવી હતી. ધોતિયાની વિધિ બાદ મહાકાળી માતાજીની ભાવના યોજાઈ હતી. મહાકાળી માતાજીની ભાવના દરમ્યાન પાનેતર તેમજ ઘરચોળા સોપવાની વિધી ઉપસ્થિત આગેવાનોના હસ્તે કરવમાં આવેલ. કન્યાઓને પૂજન, ભાવના, દાંડીયારાસ, માટે અલગ અલગ સાડીઓ તેમજ ચણીયાચોલી, પાનેતર, ઘરચોળા તેમજ ઈમિટેશન જવેલરી આપવામાં આવેલ. સાંજે ભલારાદાદા તથા ધણીબાવાનો પાઠ યોજાયો હતો. રાત્રે દાંડિયા રાસ યોજાઈ હતી.

કન્યાદાનએ મહાદાનનું પ્રદર્શનનું ઉદ્‌ઘાટન રાજેન્દ્રભાઈ ખોના તથા ચેતનભાઈ મોમાયાએ કર્યુ હતું. સત્કાર અને અભિવાદન સમારોહનું મુખ્ય અતિથિપદ રાજ્યના કુટીર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ અને ગૌસંવર્ધક મંત્રી શ્રી તારાચંદભાઈ છેડાએ શોભાવ્યું હતું. અતિથિવિશેષ પદ અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘ અને મુંબઈ મહાજનનાં પૂર્વ પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ ખોના સુથરી, મહાજનના ટ્રસ્ટી શ્રી ચેતનભાઈ મોમાયા, પરજાઉ મહાજનનાં પ્રમુખ શ્રી ગુલાબભાઈ દંડ, કચ્છ એકમના સંસ્થાના ઉપપ્રમુખ શ્રી મહેશભાઈ લાલકા, ડુમરા જૈન સંઘના પ્રમુખ શ્રી હીરાચંદભાઈ ગાલા, સામાજીક અગ્રણી શ્રી પ્રવિણભાઈ લોડાયા, સહયોગી દાતાશ્રી મણિકાન્તભાઈ લોડાયાએ શોભાવ્યુ હતું.


શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપનાં અધ્યક્ષ શ્રી જયેશભાઈ જૈને સૌને આવકાર આપ્યો. ગોવિંદજી પટેલ, અરવિંદ લોડાયા, કિરણ દંડે પ્રસંગ પરિચય આપ્યો હતો. સમુહલગ્નોત્સવનાં સર્વે દાતાશ્રીઓનું આગેવાનોનાં હસ્તે સન્માન કરવામાં આવેલ. સુખમય જીવન સમસ્ત જૈન સમાજનો સમુહલગ્નોત્સવ તા.૧૩.૧૨.૨૦૧૫ના કચ્છમાં યોજાશે.

### ગ્રુપ આયોજિત સમૂહ લગ્નમાં ૦૭.૧૨.૧૪ ના
### કચ્છ સુથરીમાં આયોજિત પરણનારા યુગલોનાં નામો

| | | | |
|---|---|---|---|
| ડુમરા | આરતી રમેશ દેવજી સોની | ૨૧ | વાંકુ |
| ભુજ | નિમેષ સોમચંદ લક્ષ્મીચંદ લોડાયા | ૨૪ | લાલા |
| નીમચ | હીના ઉમેશચંદ હંસરાજ લાલકા | ૨૫ | પરજાઉ |
| ડોંબિવલી | રોનક લલીત કુંવરજી ખોના | ૨૭ | નલીયા |
| ડોંબિવલી | સિધ્ધી સુનિલ ભવાનજી નાગડા | ૨૧ | નલીયા |
| ડોંબિવલી | વિરલ ઠાકરશી કુંવરજી ધરમશી | ૨૫ | સાંધાણ |
| અમદાવાદ | દર્શિકા જયેશ સોમાભાઈ રાણા | - | મહુધા |
| ભચાઉ | ધવલ બીપીન રતનશી સાયા | ૨૪ | સુજાપર |
| મૈસુર | પ્રીતી જોગેન્દ્ર ફેકુ શાહ | - | પટણા |
| બંગલોર | કેવલ મેહુશ જીવરાજ મોતા | ૨૪ | સુથરી |

## કચ્છમાં નલીયા પાસે ખોદકામકરતાં વાછરાદાદા અને જખદાદાનાં ઘોડાઓનાં અવશેષો મળ્યા, હવે એજ સ્થળે મંદિર બનાવાશે





નલીયા પાસે આવેલા વડસર ગામે જ્યાં જૈન જિનાલય છે તેની નજીકમાંથી ખોદકામ કરતાં જખદાદાનાં ઘોડા મળી આવ્યા છે. જે પૈકી બે વાછરાદાદાનો તથા ત્રણ જખ દાદાનાં છે.

વડસર ગામનાં સરપંચશ્રી તથા શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપનાં અધ્યક્ષ જયેશ જૈન, ગોવિંદજી પટેલ, મહેશ નાગડા, મુકેશ દંડ, મનોજ ખોના, મનીષ પીર, હિતેષ પટેલ, હેમંત મોતા, ભરત ખોના, કુસુમકાંત લાલકા, ઉપસ્થિત રહ્યા હતા. ઉત્થાપન વિધિ થઈ ગયેલ છે.

પરજાઉ ગામે દેરાસર પાસે વાછરાદાદાનું સ્થાન જર્જરિત બની જતાં અને ઘોડા ખંડિત થઈ જવાથી ઉત્થાપન વિધિ કરાવવામાં આવી છે. હુકમ - અનુસાર પાંચ ઘોડા બેસાડવામાં આવશે. શિક્ષક નરેન્દ્રભાઈ, રમેશ દંડ તથા ભવાનજીભાઈ નાગડા સાથે રહ્યા હતા.

કોઠારા ગામે વાછરાદાદાનું વર્ષો પૂરાણું વિશાળ સ્થાન છે. વર્ષો પુરાણા ઘોડાઓ ખંડિત થઈ જતાં ઉત્થાપન વિધિ પૂર્ણ થયેલ છે. આ ઘોડાઓ અંદર એક અલોપ ઘોડો પણ હતો. મંદિર જીર્ણોદ્ધાર શરૂ થશે. વર્ધમાન લોડાયા ખીમજી મોતા, દીનેશ મોતા, ગુલાબ મોતા, મહેન્દ્રભાઈ ડાઘા વગેરે સાથે રહ્યા હતા.

વડસર નજીક સુખપર (સેંધવારી) ગામે વાછરાદાદાનાં આઠ ઘોડા જર્જરિત થયેલ છે. ઉપસ્થિતિમાં ઉત્થાપન વિધિ પૂર્ણ થયેલ છે. ત્રણ ઘોડા અહીં બેસાડવામાં આવશે. મંદિરનું કાર્ય શરૂ રકવામાં આવેલ છે.

**- પ્રબોધ મુનવર**

**નવા/બદલાયેલા સરનામા–** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **કિશોર પુનશી ખોના** | બી૩૦૩, સુનિતા આનંદ પેલેસ, વૈશાલી નગર, ઈન્દ્ર પ્રસથ હોલની નજીક, મુલુડ (પ) ૪૦૦૦૮૦ |
| **હિરાચંદ જી ધરમશી** | સી-૧૭, વૈષ્ણવ પાર્ક સોસાયટી, દાભોઈ રોડ, એમ.એમ.વોરા શોરૂમની સામે, વડોદરા - ૩૯૦૦૨૫ |
| **વર્ધમાન કલ્યાણજી લોડાયા** | બી-૧૭, ઉપવન વિલ્લા ડુપલેક્ષ, સયાજી ટાઉનશીપ પાસે, ન્યુ વી.આય.પી., ખોડિયાર નગર ક્રોસ રોડ, સયાજી પુરા, વડોદરા -૩૯૦૦૧૯ |
| **ભરત હીરાચંદ ડાઘા** | ૫૦૨, કાલીંગા, નીલકંઠ કિંગડમ, નાથાની રોડ, વિદ્યાવિહાર (૫) મુંબઈ - ૪૦૦ ૦૮૬ |
| **સોમચંદ એલ.મોતા** | ૧૫/૧સી, અમન નગર, ઈબી કોલોની, મચમપલયમ, સુંદરાપુરમ, કોઈમ્બતુર - ૬૪૧૦૨૪ |
| **નવલબેન યુ. દંડ** | ગાર્ડન વિલ્લા, પ્લોટ નં ૧૧૩, કરણ નગર રોડ, પાંજરાપોલની સામે, પોસ્ટ-કાડી તાલુકા-મહેસાણા - ૩૮૨૭૧૫ |
| **દામજી મણશી દંડ** | ૮, શ્રીપાલ કો.ઓ.હા.સો., પ્લોટ નં ૯૭, શ્રીમદ રાજચંદ્ર લેન, લાયન્સ ગાર્ડન સામે, તિલક રોડ, ઘાટકોપર (પૂ) મુંબઈ - ૭૭ |

| | |
|---|---|
| **વિનોદ મણશી દંડ** | ૭, કહાન આશિષ, પોપ્યુલર હોટેલની પાછળ, હિંગવાલા લેન, ઘાટકોપર (પૂ) મુંબઈ - ૪૦૦ ૦૭૭ |
| **હેમરાજ મણશી દંડ** | ૫, કૈલાશ ભુવન નં-૨, ગ્રાઉન્ડ ફ્લોર, પ્લોટ નં-૩૯, એમ.પી. વૈદ્યા માર્ગ, ઘાટકોપર (પૂ) - મુંબઈ ૪૦૦ ૦૭૭ |

## નવા/બદલાયેલા ફોન નંબર

| | | | |
|---|---|---|---|
| **મણીકાંત રતનશી ધરમશી** | **022-25680650** | **વર્ધમાન કે લોડાયા** | **0265-2975837 / 9428820454** |
| **કિશોર પુનશી ખોના** | **09325055240** | **ગીરા કિશોર ખોના** | **09325460030** |
| **વત્સલ કિશોર ખોના** | **08097437321** | **ધારા વત્સલ ખોના** | **0842177115** |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦.૦૭.૧૪ | વીઠ્ઠલવાડી | ઈશા-પદમા/મયૂર વર્ધમાન લોડાયા | સાંધાવ | પુત્રી |
| ૨૬.૧૦.૧૪ | ભાડુંપ | પીયા-જલ્પા/સમીર નરેન્દ્ર પટેલ | બાયઠ | પુત્રી |
| ૨૭.૦૯.૧૪ | ભદ્રેશ્વર | તનવી-પાયલ/ગૌતમ નાગડા | નલીયા | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭.૧૧.૧૪ | ડોંબિવલી | ધવલ પ્રતાપ ધનજી લોડાયા | મંજલ રેડીયા | ૨૮ |
| | ડોંબિવલી | મિતલ રતીલાલ નાગશી નાગડા | કોઠારા | ૨૫ |
| ૨૩.૧૧.૧૪ | ઘાટકોપર | નીરવ ચંદ્રકાંત લોડાયા | રાપરગઢવારી | ૨૪ |
| | જલગાવ | જીનલ ગેમેન્દ્રા મૈશેરી | લાલા | ૨૧ |
| ૨૫.૧૧.૧૪ | કલવા | મેહુલ નિર્મલકુમાર દંડ | ભરૂડીયા | ૩૦ |
| | ભાડુંપ | ભાવિની ચંદ્રકાંત નાગડા | રંગપુર | ૨૭ |
| ૧૨.૧૨.૧૪ | કોચીન | વિશાલ ભરત કુંવરજી ડાઘા | તેરા | ૨૪ |
| | કોચીન | શ્રેયા નિતીન મણીકાંત મોતા | નલિયા | ૨૩ |

### આંતર જ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩.૧૧.૧૪ | મુલુંડ | ગુંજન પિયુષ નવીનચંદ્ર મોતા | રાયધણજર | ૨૬ |
| | મુલુંડ | ઉર્ભી સમીરકુમાર હલદર | કલકત્તા | ૨૬ |
| ૧૭.૧૧.૧૪ | વડોદરા | કિરણ હિરાચંદ ઘેલાભાઈ ધરમશી | જશાપર | ૨૬ |
| | વડોદરા | નીમીશા પ્રમોદભાઈ પ્રજાપતિ | વડોદરા | ૨૬ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭.૧૨.૧૪ | મુલુંડ | વત્સલ કિશોર ખોના | દલતુંગી | ૨૭ |
| | ઉંઝા બ્રાહ્મણવાડા | ધારા યશોધનભાઈ મહેશ્વરી | સાંધણ | ૨૬ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬.૧૨.૧૪ | સાંગલી | ભાગ્યવંતીબાઈ ટોકરશી મુલજી લોડાયા | કોઠારા | ૭૫ |
| ૦૭.૧૨.૧૪ | મુલુંડ | નીતીન ટોકરશી ખીમજી મોમાયા | નલીયા | ૭૬ |
| - | ડોંબિવલી | લક્ષ્મીબાઈ વેલજી ગંગાજર રતાણી | તેરા | ૯૨ |
| ૦૮.૧૨.૧૪ | અંધેરી | રોહીનીબેન ત્રીકમજી પદમશી નાગડા | નલીયા | ૯૧ |
| ૧૦.૧૨.૧૪ | ઘાટકોપર | ચંદનબાઈ જાદવજી લાલજી ધરમશી | નલીયા | ૭૫ |
| ૧૪.૧૨.૧૪ | સુરત | નવલબાઈ વિરચંદ લખમશી દંડ | છાદુરા | ૯૩ |

# હાર્દિક શ્રદ્ધાસુમન



જન્મ તારીખ
૧૩-૯-૧૯૨૬

અરિહંત શરણ
૬-૧૨-૨૦૧૪

શ્રી કુલપાકજી તીર્થ યાત્રા સંઘ ના કાયમી સંઘપતી

## માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાલ ગાલા

(મોટા લાયજા - કચ્છ, હાલ મુંબઇ)

શ્રી સંઘને જાવત જીવત પ્રવૃતીમય રાખી સંઘના અનેક વિધ પ્રવૃત્તીઓને
હમેશા પ્રેરણામયી બની કરેલ ઉપકાર શ્રી સંઘ કદાપી વિસરી શકશે નહીં..
આપશ્રી ના સત્ કૃત્યને શત્ શત્ નમન...વંદન...

પરમપિતા પરમાત્મા આપના આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

## શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ

(Regd.)

સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫

પ્રચાર સંયોજક : રિદ્ધીશ રમેશ જાગીરદાર ફોન. ૯૮૯૯૯૮૮૯૯૯

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 | day of publication every Monday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# પાંચમી પુણ્યતિથીએ ભાવભીની શ્રધ્ધાંજલિ



જન્મ
તા. ૧૫.૦૮.૧૯૪૨

અરિહંતશરણ
તા. ૧૯.૧૨.૨૦૦૯

## માતુશ્રી તારાબેન કુંવરજી દંડ

(ગામ: સેવક ભરૂડીયા, મુલુંડ)

સ્નેહના સાગર હતા તમે, અમીરસ અમે પીધા
સમર્પિત બનીને તમે, અમ સૌના જતન કીધા,
આંખો હજુ નિહાળે છે તમને, અંતર હજુ પોકારે છે તમને,
સ્મરણ તમારૂં થાય છે અમને, મન મૂકીને રડાવે છે અમને,
શ્રધ્ધાંજલિ અર્પવા ઉપાડી કલમ, આંસુથી ભીંજાઇ ગયા અમે સૌ,
પ્રભુ આપના પુનિત આત્માને પરમ ચિર શાંતિ આપે એવી પ્રાર્થના..

<u>હર પળ આપને યાદ કરનારા આપના સ્વજનો</u>

| | | |
|---|---|---|
| પતિ | : | શ્રી કુંવરજી ખીમજી દંડ |
| સાસુ સસરા | : | સ્વ. દેવાબાઈ ખીમજી લધાભાઈ દંડ (સેવક ભરૂડિયા) |
| માતા પિતા | : | સ્વ. ડેકાબાઈ ગોવિંદજી દામજી ખોના (ગોરખડી) |
| પુત્ર–પુત્રવધૂ | : | અ. સૌ. કલ્પના મનોજ કુંવરજી દંડ |
| પુત્રી–જમાઈ | : | અ. સૌ. મિતા હિતેશ હિંમતલાલ લોડાયા |
| | | અ. સૌ. જયશ્રી કમલેશ પાશ્વીર નાગડા |
| પૌત્રી | : | ઉન્નતિ, સ્તુતિ, પલક |
| દોહિત્રી–દોહિત્રા | : | સૃષ્ટિ, યતીશ, સંયમ |

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,